# બુદ્ધિપ્રભા

## શ્રી વીરચંદ રાઘવજી ગાંધી



સદાનો તું વીર ગાંધી !

જન્મ : ૨૫ ઓગસ્ટ ૧૮૬૪ * અવસાન : ૭ ઓગસ્ટ ૧૯૦૧

# ગાંધી સ્મૃતિ અંક.

શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના ગુરુદેવ



સ્વર્ગસ્થ

પૂ. આત્મારામજી મહારાજ

[ વિજયાનંદસૂરિજી ]

मित्तीमे सव्व भूएषु वेरं मज्झं न केणई।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.



# બુદ્ધિપ્રભા

ગાંધી સ્મૃતિ અંક


| | | |
|---|---|---|
| ૧૦ ઓગસ્ટ ૧૯૬૪ | વરસ ૫ : સળંગ અંક ૫૭<br>લવાજમ<br>(ભારત) રૂ. ૫–૦૦ પરદેશ રૂ. ૭–૦૦<br>છુટક નકલ ૫૦ નવા પૈસા | કાર્યાલય<br>C/o ધનેશ એન્ડ કું.<br>૧૯/૨૧ પીકેટ ક્રોસલેન<br>મુંબઈ—૨ |

તંત્રી : ઈંદિરા શાહ ⊙ સહતંત્રી : ભગવાન શાહ

સંપાદક : ગુણવંત શાહ


ચીકાગોની
વિશ્વધર્મ પરિષદમાં
જૈનધર્મનો
વિજયડંકો ગજવનાર
પ્રકાંડ વિદ્વાન, પ્રખર ચિંતક, ભાષાવિદ્
નવયુવાન પ્રચારક
સ્વર્ગસ્થ

## શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની

શતાબ્દિ પ્રસંગે
આ અંક
તેઓશ્રીને
સાદર
સમર્પણ

મૂળ લેખક :

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

# પ્રેમગીતા

અરે ઓ પ્રીત !
તું તો મારા આતમરામની સીતા છે,
મારા આત્મકૃષ્ણની રાધા છે,
મારા આત્મહરિની તું લક્ષ્મી છે;
અને મારી યશોદા પણ તું જ છે,
કારણ, મારા આતમને હું
મહાવીર સમજું છું.

— ૧૫ —

ઓ પ્રીત !
મારા શીવાલયની તું પાર્વતી છે
કારણ, મારા દેહને હું શિવાલય
સમજું છું અને મારા આતમને
શિવ–શંકર–મહાદેવ !

— ૧૭ —

અરે ઓ પ્રેમ !
આ તે તારી કેવી ખૂબી છે ?
કે તારા વિના મારું ભણતર
પણ ભૂલું પડી જાય છે !

—ગુણવંત શાહ

ભાવાનુવાદક.

## ચિંતન કણિકા

પુણ્ય ન કરો તો કંઈ નહિ, પાપ તો ન જ કરશો;
કારણ પાપની લાશ પર જ પુણ્યના પુષ્પ વેરાયેલાં છે.

*

આંસુ બધાં જ કંઈ વેદનાના નથી હોતા જેમ પથ્થર બધા ભગવાન નથી હોતા.

*

પ્રેમની આ એક ખૂબી છે. એ જ્યારે ગુસ્સે થાય છે ત્યારે તેની આંખ લાલ નથી બનતી; એની આંખમાંથી ત્યારે ઊના આંસુ જ દદળે છે.

*

મારા સંતપ્ત હૈયાને આશ્વાસન આપતાં તેણે કહ્યું:—
"ભાઇ! એ તો ભગવાન તારી કસોટી કરે છે."

ત્યારે મારાથી ઊંચે અવાજે સહેજ બોલાઇ ગયું:—

"શું ભગવાન પણ હવે વેપારી બન્યો છે? કારણ કસોટી તો વેપારી કરે, ભગવાન નહિ.

*

આંસુ એ તો વિરહનું ઊર્મિગીત છે.

*

સંત અને કામી બંને એકાંતના રાગી છે. પરંતુ પહેલો તેની જીવન પ્રવૃત્તિથી એ એકાંતને તીર્થધામ બનાવે છે.

જ્યારે બીજો? જવા દો...એ કહેવું નિરર્થક છે.

*

વિકારોને શમાવે તે સૌન્દર્ય; તેને જગાડે એ તો ભડકતું રૂપ છે.

—ગુણવંત શાહ

# સંપાદકીય

આજથી સો વરસ પહેલાં આજનું આઝાદ ભારત ત્યારે અંગ્રેજોનું ગુલામ હિંદુસ્તાન હતું. આજના માનવીની જેમ ત્યારનો માનવી છાશવારે વિદેશનો પ્રવાસ કરી શકતો ન હતો. ત્યારનો સમાજ પણ ઘણો જ રૂઢ અને જક્કી હતો. એવા સમયમાં અમેરિકા, ઇંગ્લેન્ડ તેમજ યુરોપના જર્મની, ફ્રાન્સ વગેરે જેવા દેશોમાં અનેક અવરોધોનો સામનો કરી, જૈનધર્મનો વિજય ડંકો ગડગડાવનાર એ નરબંકા, નવયુવાન, પ્રખર વિદ્વાન અને ભાષાવિદ્ **શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ** એક યુગકાર્ય કર્યું હતું. જડતા અને હિંસામાં અટવાયેલી દુનિયાને અહિંસા અને આત્માનો અમર સંદેશ સંભળાવ્યો હતો.

શ્રી ગાંધીની આ માસની પચ્ચીસમી તારીખે જન્મ શતાબ્દિ છે ત્યારે એ દિવસ આપણને સવાલ કરે છે.

જૈનધર્મના પ્રચાર અને વિકાસ માટે વીસમી સદીમાં તમે શું કર્યું ?

એ યુગ પ્રવર્તક તો ગયો તમે તેની યાદમાં શું કર્યું ?

એણે તો બુલંદ અવાજે જગતને મહાવીરનો સંદેશ સંભળાવ્યો તમે એ અવાજને કેટલો મોટો કર્યો ?

જૈન સમાજ પાસે છે આનો કોઇ જવાબ ?

ખરેખર, શ્રી ગાંધીએ પાડેલા આ પ્રચાર ચીલાને ભૂંસી નાંખી આપણે ભાવિની પેઢીને ઘણો જ અપરાધ કર્યો છે. ખેર ! જે બનવાનું હતું તે બની ગયું. જાગ્યા ત્યાંથી સવાર સમજીએ. અને શ્રી ગાંધીની શતાબ્દિએ દૃઢ સંકલ્પ કરીએ કે અમે હવે જૈનધર્મના પ્રચાર અને પ્રગતિ માટે એવા વિદ્વાનો તૈયાર કરીશું ને જગતના ખૂણે ખૂણે મોકલી મહાવીરના સંદેશને ગૂંજતો કરીશું.

શ્રી ગાંધીની જન્મશતાબ્દિ નિમિત્તે 'બુદ્ધિપ્રભા' તેમની પુનિત યાદમાં આ આખોય સ્મૃતિ અંક પ્રગટ કરી તેમના જીવન અને કવનને જનતા સમક્ષ ધરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. શ્રી ગાંધીનું ગૌરવ બરાબર જળવાય તે માટે આ અંકમાં તેમનું જ વિશેષ સાહિત્ય આપવામાં આવ્યું છે.

આથી વાચકોને બીજા વાંચનથી નિરાશ થવું પડશે. પરંતુ આ સાહિત્ય વધુ જરૂરનું હોય તેમ કર્યું છે તો વાચકગણ ક્ષમા કરશે.

આ સ્મૃતિ અંકને સમૃદ્ધ બનાવવામાં **શ્રી પન્નાલાલ રસિકલાલ શાહે** મને ખૂબ જ સાથ ને સહકાર મેળવી આપ્યો છે. ને શ્રી ગાંધીનું જોઇતું સાહિત્ય મેળવી આપ્યું છે. તેઓશ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરી રહ્યા છે. ને શ્રી ગાંધીના ગામના (મહુવા, સૌરાષ્ટ્ર) ના વતની છે.

આ ઉપરાંત શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના પ્રપૌત્ર **શ્રી બચુભાઈ મોહનલાલ ગાંધીએ** આ અંકમાં જાહેર ખબર મેળવી આપવા માટે તેમજ શ્રી ગાંધી વિષે ઉપયોગી માહિતિ પૂરી પાડવામાં ખૂબ જ સક્રિય સાથ આપ્યો છે.

આ માટે **શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ** તેમજ **શ્રી બચુભાઈ મોહનલાલ ગાંધીનો** અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

—ગુણવંત શાહ

★

**'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર**
**આ સરનામે કરો—**

**'બુદ્ધિપ્રભા'**

C/o ધનેશ એન્ડ કાં.,
૧૯/૨૧, પીકેટ ક્રોસ લેન, સ્મોલ કોઝ કોર્ટ પાસે, મુંબઇ ૨.
**લેખકોને પુરસ્કાર આપવામાં આવે છે.**

સર્વ ધર્મ પરિષદમાં
ચિકાગો જઈ
જૈન ધર્મના વિજયડંકો
બજાવનાર નરબંકા

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

## ( જીવન ઝરમર )

લેઃ—ગુણવંત શાહ

સો વરસ પહેલાંની આ વાત છે.

બહુ સૂકલકડો નહિ, તેમજ બહુ જાડો નહિ, મધ્યમ કદના બાંધાનો એક માનવી માથે જાડા ને ઘેરો એવો વીંટીયો વીંટી, લાંબો ડગલો પહેરી, કેડે ખેસની કસ બાંધી, ને પુરાણ ભારતની યાદ આપી જતાં બેઘાટ જોડાં પહેરી અને કપાળમાં મોટો પીળો ચાંલ્લો કરી, વિદેશની સફરે ઊપડયો.

દૂરથી જોનારને પહેલી નજરે ગામડીયો લાગતો એ માનવી સાત સમંદર પાર કરીને અમેરીકા પહોંચ્યો.

અહીં એ પોતાના તેમજ તેના રાષ્ટ્રના મહાન ધર્મની ઓળખ આપવા આવ્યો હતો.

અમેરીકાનું સારું ચિકાગો શહેર ત્યારે જગતના વિવિધ ધર્મોના તત્ત્વ ચિંતકોથી ઉભરાઈ રહ્યું હતું દૂર દૂરના દેશોમાંથી તે તે દેશના ધર્મ ધુરંધરો ચિકાગોમાં આવી બેઠા હતાં.

ઇતિહાસની એ યાદગાર તારીખો હતી. ૧૧ સપ્ટેંબર ૧૮૯૩ થી તા. ૨૭ સપ્ટેંબર ૧૮૯૩ !

જગતના ઇતિહાસની એ એક અમર પરિષદ હતી. સર્વધર્મ પરિષદ !

આ પરિષદે દુનિયાના તમામ ધર્મોને નોતરુ દીધું હતું. જૈન ધર્મને પણ તેનું નિમંત્રણ હતું.

આ પરિષદ એ જોવા આતુર હતી કે જૈન ધર્મના ત્યારના વિદ્યમાન જ્યોતિર્ધર પૂજ્ય આત્મારામજી મહારાજ આ પરિષદને જૈનધર્મ વિષે સમજાવે.

પરંતુ શ્રમણ જીવનના નિયમોને લીધે એમ ન બની શકયું પૂજ્ય મહારાજશ્રી ત્યાં ન જઈ શકયા.

અને તેમણે પેલા ગામડીયા જેવા દેખાતા માનવીને ત્યાં મોકલ્યો. જૈન ધર્મનું પ્રતિનીધિત્વ કરવા માટે.

પશ્ચિમની દુનિયા તો આ માનવીને સાંભળ્યા પહેલાં એમ જ માનતી

હતી કે ભારત એ તો જાદુગરોનો દેશ છે. એ ભૂમિ એટલે વાઘ–ચિત્તા અને જંગલી સાપોની ભૂમિ. ત્યાંના લોકો બરછટ અને રાંચા હોય છે.

પણ જ્યારે પશ્ચિમની દુનિયાએ આ માનવીને સડસડાટ વહી જતી એવી અંગ્રેજી જબાનમાં સાંભળ્યો.

અને હિંદુસ્તાનની સંસ્કૃતિ વિષે તેમજ જૈનધર્મ વિષે તેને બેધડક બોલતાં સાંભળ્યો ત્યારે પશ્ચિમની દુનિયાનો હિંદુસ્તાનની ધરતી વિષેનો તેમજ તેના લોક જીવનનો ભ્રમ ભાંગી ગયો. અને જેઓએ તેને દૂરથી ગામડીયો ધારી લીધો હતો તેઓને તેના હિંદુ પોષાકમાં એક મેધાવી અને પ્રતિભાશાળી, પ્રખર વિદ્વાન અને મહાન વક્તાના દર્શન થયાં. એની તેજોમય આંખોમાં અને ભાવના સભર તેના વદનમાં તેમને એક મહાન ધર્મના મહાન પ્રતિનિધિનાં દર્શન થયાં.

પરિષદમાં તેને બોલવાની ગણત્રીની જ મીનટો મળી હતી. અને એ થોડી મીનિટોમાં તેને સારાય જૈનધર્મની ઝાંખી કરાવવાની હતી. અને તે પણ પરદેશી આંગ્લ ભાષામાં

એનો સમય થયો. અને એ બોલવા ઊભો થયો. પોતાના પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજને તેણે પ્રથમ વંદન કર્યાં. અને એક જ પળમાં જૈનધર્મના અગાધ સાગરમાં એ ડૂબી ગયો.

પરિષદ તો તેની આ ડૂબકીને જ જોઈ જ રહી. અને એવી સરળ અને વેધક તેમજ પ્રવાહી શલીમાં તેણે જૈનધર્મને સમજાવ્યો કે પરિષદ તેના ચિંતન અને મનન પર; તેની અંગ્રેજી ભાષાની પ્રભુતા પર તેમજ તેની પ્રાસાદિક એવી પ્રવચન શૈલી પર વારી ગઈ।

એને સાંભળીને પશ્ચિમની દુનિયાએ જાણ્યું કે જૈ ધર્મ એ સ્વતંત્ર ધર્મ છે. એકાંતે કોઈ જ તત્ત્વ સત્ય નથી તેમજ અસત્ય પણ નથી. દરેક તત્ત્વને હંમેશ બે બાજુ રહેલી છે. અને પશ્ચિમની દુનિયાને પહેલી જ વાર જાણ્યું કે અહિંસા એક અમોઘ શસ્ત્ર છે. ક્ષમા એ વેરની રામબાણ દવા છે.

પશ્ચિમની બુદ્ધિ માટે આ બધું નવું હતું. કર્મની ફીલસુફી, યોગની સાધના, આત્માની અનંત તાકાત, અનેકાંતની દૃષ્ટિ, સાત નયોની નક્કર કુલગુંથણી. વીતરાગી જીવન વગેરે

અને એ દુનિયાએ આ ધરતી (હિંદુસ્તાન) ના માનવીને 'કાળા માનવી' તરીકે ઓળખતી હતી તેવા એક Black Indian ને, અંતરના લાખ લાખ ઉમંગોથી વધાવી લીધો.

એને જોવા, સાંભળવા, એના ચરણે બેસવા હજારોની મેદની એ જ્યાં ગયો ત્યાં ગઈ. અને એણે પણ

પોતાના જ્ઞાનનો મહાસાગર એ જ્ઞાન-તરસી જનતાને માટે ખૂલ્લો મૂકી દીધો!

જ્ઞાનનો એ અગાધ સાગર કોણ હતો? પારકી ધરતીના માનવીઓને ઘેલા કરનાર એ કયાંનો હતો?

દેશ અને પરદેશના લાખો માનવીઓનું આકર્ષણ બનનાર એ શું હતો?

એ હતો હિંદુસ્તાનના એક નાના ગામડાનો એક અદનો માનવી. બ્રિટીશરોના ગુલામ રાષ્ટ્ર હિંદુસ્તાનનો એક નાગરીક.

એણે પરદેશની ધરતી પર પગ મૂકયો ત્યારે તો એ માત્ર જવાનીનો પ્રથમ જ શ્વાસ ખેંચતો હતો.

માત્ર ૨૯ વરસનો નવજુવાન પશ્ચિમની રીદીને બુદ્ધિવાદી દુનિયાને પોતાની સંસ્કૃતિ અને નિજના ધર્મનો સંદેશ સંભળાવવા ઊભો થયો હતો.

ખરે! અજબ એવી એ શ્રદ્ધા હતી. ગજબનું એવું તેનું એ સાહસ હતું.

એ સાહસિકનો જનમ, ભારતની ધરતી પર થયો હતો. સૌરાષ્ટ્રમાં આવેલું મહુવા એ તેનું માદરે વતન હતું.

નાના ગામડામાં, નાના પાયા પર ઝવેરાતનો ધંધો કરતાં, એક માયાળુ, ધર્મપ્રેમી, ને પ્રીતિ, ચારિત્ર્ય તેમજ પ્રમાણિકતામાં દૃઢ એવા એક સામાન્ય પિતાને ત્યાં એનો જન્મ થયો હતો.

શ્રીયુત રાઘવજી એના પિતા હતા. જીવનની પ્રેરણા હતા. જૈનધર્મના સારા અભ્યાસી હતા. શ્રાવકધર્મના ચુસ્ત અનુયાયી હતા. ધર્મ અને ચારિત્ર્યના આ સંસ્કાર તેમના સંતાનને પણ મળ્યાં હતાં.

**એ સંતાન તે શ્રી વીરચંદભાઈ, ૨૫ ઓગસ્ટ ૧૮૬૪ના રોજ એમનો જન્મ થયો.**

યોગ્ય ઉંમર થતાં તેમને મહુવાની પ્રાથમિક શાળામાં મૂકવામાં આવ્યા. તે બાદ તેમને ભાવનગર લઈ જવામાં આવ્યા. તેમના પિતા વીરચંદભાઈને અંગ્રેજી શિક્ષણ અપાવવા ઇચ્છતા હતા.

અને પિતાની એ શુભેચ્છાને સંતાને સફળતાથી પાર પાડી. ૧૮૮૦ માં એમણે મુંબઇ યુનીવર્સીટીની મેટ્રીકયુલેશન પરીક્ષા, ઝળકતી કારકીર્દિએ પાસ કરી.

પરંતુ શિક્ષણ પ્રેમી પિતાને આથી સંતોષ નહતો. તે તો તેમના સંતાનને સ્નાતક જોવા આતુર હતા. આથી વીરચંદભાઇને મુબઇ મોકલ્યા.

મુંબઇની એલફીન્સટન કોલેજમાં તેઓ દાખલ થઇ ગયાં અને માત્ર ૨૦ વરસની ઉંમરે ૧૮૮૪ માં તેઓ જૈન સમાજના પ્રથમ સ્નાતક બન્યા.

હવે શું? પરંતુ આજની જેમ એ સવાલથી તેમને બહુ મુંઝાવવું ન

પડ્યું. Jain Association of India એ વીરચંદભાઈને આમંત્રણ આપ્યું. તમે આ સંસ્થામાં કામ કરો. અને વીરચંદભાઈ આ સંસ્થાના મંત્રી બન્યાં.

આ સંસ્થાના નેજા હેઠળ તેમણે ઇતિહાસ સદાય યાદ રાખે તેવા રચનાત્મક કાર્ય કર્યાં.

તેમની કારકીર્દિનું પહેલું યશસ્વી કામ પાલીતાણાના ખટલામાં બન્યું. પાલીતાણાના ઠાકોર સાહેબે સુરસીંગજીએ આણંદજી કલ્યાણજીની પેઢીના એક કારકુનને કેદ કર્યો. ને વધુમાં શત્રુંજય તીર્થની યાત્રાએ આવતાં યાત્રાળુઓ ઉપર મુંડકા વેરો નાંખ્યો.

આ મુંડકા વેરો ગરીબ એવા ધર્મશ્રદ્ધાળુઓ પર આફત સમાન હતો. આ વેરાથી સમગ્ર જૈન સમાજે ભારે આંચકો અનુભવ્યો હતો. વીરચંદભાઈનું દિલ પણ આ વેરાથી કકળી ઊઠ્યું.

તેમણે તુરત જ આ વેરાને દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી. તેઓ આ માટે મુંબઇના ગવર્નર લોર્ડ રે તેમજ કર્નલ વોટસનને મળ્યા.

આ વેરો એ જૈનોની ધર્મની લાગણી ઉપર વીંઝાયેલો એક કારમો કોરડો છે. રાજને ધર્મની આવી લાગણીઓ પર અવરોધ મૂકવાનો કોઈ જ હક્ક નથી. આવી અનેક દલીલોથી તેમજ તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વથી કર્નલ અને ગવર્નરને તેમણે સમજાવી દીધા. અને તેઓએ ઠાકોરને આ વેરો રદ કરવા માટે દબાણ કર્યું. અંતે અમુક રકમની બાંધછોડ પછી ઠાકોરે એ વેરો રદ કર્યો !

ત્યારે નહિ ઓળખતાં એવા અનેક જૈન–જૈનેતરે વીરચંદભાઇને એક પ્રતિભાશાળી, ધર્મપ્રેમી કાર્યકર તરીકે ઓળખ્યા.

આ સંસ્થાનું કામ તો ચાલુ જ હતું. પરંતુ જ્ઞાનભૂખ્યા આ માનવીને ધરવ ન હતો. ૧૮૮૫ માં મેસર્સ લીટલ એન્ડ કું. સાથે કાયદાના કામકાજ માટે કરાર કર્યા. અને ત્યાંના એ અનુભવે તેમજ તેમની નિજી પ્રતિભાએ એક બીજુ યશસ્વી કાર્ય તેમની પાસે કરાવ્યું.

૧૮૯૧ માં મી. બેડમ (Bedam) ને શું ધૂન ભરાઈ તે તેણે કતલખાના માટે સમેતશિખર પસંદ કર્યું.

સમેતશિખર એટલે અનેક તીર્થંકર અને શ્રમણ ભગવંતોની પુણ્ય ભૂમિ ! અનેકો અહીં છેલ્લો શ્વાસ છોડી મોક્ષે ગયાં છે.

ધર્મની ભૂમિ ઉપર નિર્દોષ જીવોના લોહી રેડાય, તેમના જીવ રેંસાય એ કયો ધર્મરાગી સહન કરી શકે ?

મુંડકા વેરાથી માંડ ઠરીઠામ થયેલું જનતાનું લોહી આ પ્રસંગે ફરીથી ઉકળી ઊઠ્યું !

આ પ્રસંગે પણ વીરચંદભાઇ તૈયાર થઈ ગયાં. પ્રથમ શ્રી રાયબદ્રીદાસે એ યુરોપીયન સામે કેસ માંડયો. પરંતુ કલકત્તાની નાની કોર્ટમાં એ કેસ ઊડી ગયો.

હવે? પણ એમ નિષ્ફળતાથી પડે તો વીરચંદભાઇ શાના? એ પોતે જ કલકત્તા દોડી ગયા. ત્યાંની હાઈ કોર્ટમાં અપીલ કરી. અને અહીં રહી બંગાળી ભાષા શીખ્યા. અને બધાંજ ડોકયુમેન્ટોનો અભ્યાસ કરી એક લાંબો મુદ્દો તૈયાર કર્યો. પુરાવા ઉભા કર્યાં. સાક્ષીઓ તૈયાર કર્યાં અને એવી જોશીલી જબાનમાં તેમજ વેધક દાખલા દલીલોથી એ કોર્ટમાં લડયા કે ન્યાયાધીશે નીચલી કોર્ટનો ચુકાદો રદ કર્યો. અને ન્યાય વીરચંદભાઇની તરફેણમાં આપ્યો.

•

ફરી એકવાર જૈન સમાજે વીરચંદભાઇનો જયનાદ કર્યો.

ત્યાર બાદ એમના જીવનની તેમજ જૈન ઇતિહાસની યાદગાર સાલ આવી. ૧૮૯૩!!

વિશ્વ ધર્મ પરિષદે (ચિકાગો) જૈન ધર્મને નોંતરૂં મોકલ્યું. આત્મારામજી મહારાજને આ પરિષદમાં હાજર રહેવા આગ્રહ કર્યો.

પરંતુ શ્રમણ ધર્મના નિયમોને લીધે તે શકય નહતું. અને તેમણે આ કાર્ય માટે વીરચંદભાઇને પસંદ કર્યા. અને હજારોની શુભેચ્છાઓ અને આશીર્વાદ લઇ એ ચિકાગો ઉપડી ગયા.

ત્યારે તેમની ઉંમર માત્ર ૨૯ વરસની જ હતી. પરંતુ એ નાની ઉંમરમાં જ્ઞાન, ઉત્સાહ, ધગશ, ધર્મ-પ્રેમના મહાસાગર ઉભરાતા હતાં.

અહીં પણ તેમણે પોતાનું હીર બતાવ્યું. સેંકડોની સંખ્યામાં તેમણે અંગ્રેજીમાં જૈન ધર્મ તેમજ ભારતીય સંસ્કૃતિ પર ભાષણો આપ્યાં. ગાંધીએ **ફીલોસોફીકલ સોસાયટી** ઇંગ્લેન્ડમાં સ્થાપી. અભ્યાસ વર્ગો શરૂ કર્યા. ખાનગી ટયુશન આપ્યાં. અનેકને શાકાહારી બનાવ્યા. અમેરિકાથી ઇંગ્લેન્ડ પણ ગયાં. ત્યાં પણ પોતાની મેધાથી ત્યાંની જનતાને ઘેલી કરી અને ભારોભાર આદર પામ્યાં.

૧૮૯૫ માં તેમને કંઇક કારણોસર પાછા ફરવું પડયું. અને હિંદુસ્તાન આવ્યા. અહીં આવીને પણ તેઓ જંપીને બેસી ન રહ્યા. 'હેમચંદ્રાચાર્ય વર્ગ' શરૂ કર્યો અને ભાષણો આપવા લાગ્યા.

'બુદ્ધિવર્ધક સભા' 'આર્ય સમાજ' 'થીયોસોફીકલ સોસાયટી' જેવી મતબર સંસ્થાઓએ પણ તેમના અનેક ભાષણો ગોઠવ્યાં.

ત્યાં તો અમેરિકાના તેમના રાગીઓએ ફરી તેમને અમેરિકા બોલાવ્યા અને ૧૮૯૬ માં ફરી પાછા એ વિદેશ

ગયા. આ વરસો દરમિયાન તેમણે લંડનથી વોશીંગ્ટન સુધી પ્રચાર પ્રવાસ કર્યો. લંડનમાં આખું વરસ રોકાયાં અને બારીસ્ટરીનો અભ્યાસ કર્યો. અને બાર-એટ લો બન્યા.

ત્યાં તો જૈન સમાજે તેમને પાછા બોલાવી લીધા. શત્રુંજ્ય તીર્થ પર કંઈક આફત ઉતરી હતી. અને તેનો કેસ લડવાનો હતો. વીરચંદભાઈએ તુરત જ તે કામમાં લાગી ગયા. અને ફરી લંડન ઉપડી ગયા. અને ત્યાં અપીલ કરી, ફરી એક વધુવાર તેમણે શત્રુંજયને બચાવી લીધો.

આ અરસામાં તે ફ્રાન્સ, જર્મની તેમજ યુરોપના કંઈક મોટા શહેરમાં માન મેળવી આવ્યા. એ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં જનતાએ તેમને ઉમળકાથી વધાવી લીધા. એકચિત્તે હજારોની મેદનીમાં તેઓએ તેમના બુલંદ અવાજ અને અહિંસાના સંદેશને સાંભળ્યો.

૧૯૦૧ માં તેઓ પાછા ફર્યાં કારણ તબિયત હવે તેમને સાથ દેવાની ના પાડતી હતી. અને એ મુંબઈ પાછા ફર્યાં.

પાછા ફર્યા ત્યારે તેમનાં દિલમાં અરમાન તો એ હતા કે–હિંદુસ્તાનના ખૂણે ખૂણે જૈન ધર્મનો પ્રચાર કરીશ. મારું સારુંય જીવન એ શાસનની સેવામાં સમાઈ દઈશ.

પરંતુ તબિયત તેમના અરમાનને તાકીને જ બેઠી હતી. કાળ ક્રૂર બની એમની જિંદગી સાથે ખેલ ખેલી રહ્યો હતો.

જોડે અમેરિકાની ધરતી પરથી જ કાળે તેમનું લોહી ચૂસવાનું શરૂ કરી દીધું હતું.

અને કાળની હરીફાઈમાં કઈ જિંદગી વિજય પામી છે ?

તા. ૭ ઓગસ્ટ ૧૯૦૧ ના રોજ તેમની જિંદગી હારી ગઈ ! !

કાળનો વિજય થયો.

જિંદગી પર મૃત્યુની કાળી ચાદર પથરાઈ ગઈ ! !

પરંતુ એ મૃત્યુને શી ખબર કે જિંદગી તો હારીને પણ વિજેતા બની ગઈ હતી ! !

મૃત્યુએ તો માત્ર તેમના દેહને જ ખાખ કરી નાંખ્યો હતો. પરંતુ જિંદગીએ તો એમને સદા માટે અમર બનાવી દીધા.

ઇતિહાસ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી વીરચંદભાઈ યાદ રહેશે. પ્રલયમાં કદાચ દુનિયા આખી ખાખ થઈ જશે તો પણ સાતેય સમંદરના મોજા એના નામના ગીત ગાશે.

★

શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના

જીવનની

# બોલતી તારીખો

તૈયાર કરનાર : શ્રી પન્નાલાલ રસીકલાલ શાહ

[ શ્રી પન્નાલાલ શાહે શ્રી ગાંધીના જીવનના મહત્ત્વના પ્રસંગો અહીં સાલવારી પ્રમાણે ગોઠવ્યા છે. મારી લખેલ જીવન ઝરમરમાં જે વિગતો છુટી ગઈ છે તે તમામ વિગતો સાલવાર પ્રમાણે અહીં જોવા મળશે. —સંપાદક ]

| વર્ષ, માસ અને દિનાંક | યાદગાર પ્રસંગ |
| --- | --- |
| તા. ૨૫ ઓગસ્ટ, ૧૮૬૪<br>વિક્રમ સંવત ૧૯૨૦ શ્રાવણ વદ ૯ | મહુવામાં શેઠશ્રી રાઘવજીભાઇને ઘેર શ્રી માનબાઈની કુખે એમનો જન્મ |
| ઇ. સ. ૧૮૭૨–૭૩ | હાઇસ્કુલના અભ્યાસ માટે મહુવાના હેડમાસ્તર અને ઈન્સ્પેક્ટરની ભલામણથી કુટુંબ સહિત ભાવનગર આવ્યા. |
| ૧૮૭૯ | લગ્ન ગ્રંથિથી જોડાયા. |
| ૧૮૮૦ | મેટ્રીક્યુલેશનની પરીક્ષા ભાવનગરની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાંથી પસાર કરી ગોહિલવાડ જિલ્લામાં પ્રથમ આવ્યા અને સર જશવંતસિંહજી સ્કોલરશિપ પસાર કરી. |
| ૧૮૮૧ | કોલેજનું ઉચ્ચ શિક્ષણ વીરચંદભાઇ લઈ શકે એ માટે શ્રી રાઘવજીભાઇ કુટુંબ સહિત મુંબઈ આવ્યા. એલફિન્સ્ટન કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો. |
| ૧૮૮૪ | મુંબઈ યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષા માનસહિત પસાર કરી જૈન સમાજમાંથી પ્રથમ સ્નાતક થવાનું માન મેળવ્યું. |

| વર્ષ, માસ અને દિનાંક | યાદગાર પ્રસંગ |
|---|---|
| ૧૮૮૫ | શ્રી જૈન એસોસિએશન ઓફ ઇન્ડિયાના મંત્રી નીમાયા, અને એ રીતે સામાજિક જીવનના શ્રી ગણેશ મંડાયા. |
| ૧૮૮૫ | શત્રુંજય કેસ સંબંધમાં તેમણે જુબાનીઓ લઈ મુંબઇ, અમદાવાદ, પૂના વગેરે સ્થળોએ અરજી કરી, ગવર્નર સાહેબને મળી ઇન્કવાયરીનો હુકમ મેળવ્યો. |
| ૧૮૮૫-૮૬ | મેસર્સ લીટલ સ્મીથ ફ્રેઅર અને નીકોલસન, સરકારી સોલીસીટરોની પેઢીમાં આર્ટીકલ્ડ કલાર્ક તરીકે જોડાયા. |
| ૧૮૮૬ એપ્રીલ | શત્રુંજય પર યાત્રાએ જનારને આપવો પડતો મુંડકા વેરો બંધ થયો. એ કેસમાં કર્નલ વોટસન અને મુંબયના ગવર્નર લોર્ડ રે ને મળી ચુકાદો તરફેણમાં આણ્યો. |
| ૧૮૮૬ ડિસેમ્બર | શત્રુંજય તીર્થ પર લોર્ડ રે ને માનપત્ર આપવામાં આવ્યું. |
| ૧૮૮૬-૮૭ | મક્ષીજી તીર્થ સંબંધી થયેલ ઝઘડાનો નિકાલ. |
| ૧૮૯૦ | એમના પિતાનો સ્વર્ગવાસ, એમના પિતાની આજ્ઞા, 'મારી પાછળ રડવું નહીં, ભોંયે ઉતારવો નહીં, સ્મશાનમાં અળગણ પાણીએ નહાવું નહીં, મરણ ખર્ચ કરવો નહીં '......વગેરેનો અમલ પણ કર્યો. |

| વર્ષ, માસ અને દિનાંક | યાદગાર પ્રસંગ |
|---|---|
| ૧૮૯૧ | એડમ સાહેબે શરૂ કરેલા ચરબીના કારખાના સંબંધમાં સમેતશિખર કેસની હાઈકોર્ટમાં અપીલ થઈ, ત્યારે કલકત્તા ગયા, બંગાળી ભાષા શીખ્યા અને ઐતિહાસિક સંબંધો રજૂ કરી, 'જૈનોનું તીર્થ છે' એવો ચૂકાદો મેળવ્યો. |
| ૧૮૯૩ જૂન | પૂ. આત્મારામજી મહારાજ ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં જઈ શકે એમ ન હોવાથી મુંબઈનો જૈન સંઘ શ્રી વીરચંદભાઈને મોકલવા સારૂ એકત્રિત થયો અને સર્વાનુમતે ઠરાવ કરી એમને પ્રતિનિધિ તરીકે નીમ્યા. એક માણસ મદદ સારૂ સાથે આપ્યો. |
| ૧૮૯૩ ઓગસ્ટ | સ્ટીમર "આસામ" મારફતે વિશ્વધર્મ પરિષદમાં જૈનધર્મનો સંદેશો આપવા પ્રયાણ. |
| ૧૮૯૩ સપ્ટેમ્બર ૨૫ | ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈનધર્મની રજુઆત અને હિંદુ ધર્મનો બચાવ કર્યો. |
| ૧૮૯૩-૯૫ | અમેરિકાના જુદા જુદા શહેરોમાં જૈનધર્મ વિષે પ્રવચનો આપ્યા. 'સ્કૂલ ઓફ ઓરીએન્ટલ ફિલોસોફી' ની સ્થાપના દ્વારા હિન્દુ, બૌદ્ધ અને જૈનધર્મ તેમજ ભારતીય સંસ્કૃતિ વિષે રજૂઆત કરી. |
| ૧૮૯૪ | ચિકાગોમાં An unknown life of Jesus Christ નું પ્રકાશન. |
| ૧૮૯૪-૯૫ | લંડન આવ્યા. લોર્ડ રે ના પ્રમુખસ્થાને યોજેલ સભાઓમાં ભારતીય તત્ત્વજ્ઞાનની રજૂઆત કરી. |

| વર્ષ, માસ અને દિનાંક | યાદગાર પ્રસંગ |
|---|---|
| ૧૮૯૫ | ભારત પાછા ફર્યા. આર્યસમાજ, બુદ્ધિવર્ધક સભા વગેરે સંસ્થાઓના ઉપક્રમે પ્રવચનો આપ્યા. હેમચંદ્રાચાર્ય વર્ગની સ્થાપના કરી. |
| ૧૮૯૫ સપ્ટેમ્બર | 'અજમેર' માં ભરાયેલ 'ધર્મ મહોત્સવ' માં જૈનધર્મના પ્રતિનિધિ તરીકે ગયા. ચિકાગો વિશ્વધર્મ પરિષદના ધોરણે જ આ મહોત્સવનું આયોજન થયું હતું. |
| ૧૮૯૬, ઑગસ્ટ ૨૦, ૨૧ | અમેરિકાથી નિમંત્રણ મળતાં ફરી ધર્મપત્ની સાથે તા. ૨૧ ના રોજ પ્રવાસે ઉપડયા. શેઠશ્રી પ્રેમચંદ રાયચંદના પ્રમુખસ્થાને તા. ૨૦ ના રોજ માનપત્ર આપવામાં આવ્યું. |
| ૧૮૯૬ | ભારતમાં દુકાળ પડયાની ખબર પડતાં દુકાળ રાહત સમિતિની સ્થાપના અમેરિકામાં કરી. રૂા. ૪૦,૦૦૦) રોકડા અને અનાજ ભરી વહાણુ ભારતના જુદા જુદા ભાગોમાં મોકલવામાં આવ્યું. |
| ૧૮૯૭ | શત્રુંજય કેસ સંબંધમાં ઈંગ્લેન્ડ ગયા. |
| ૧૮૯૯ | આંતર રાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં સમગ્ર એશિયાનું પ્રતિનિધિત્વ કર્યું. |
| ૧૯૦૧ જુલાઈ | ભારત પાછા ફર્યા. |
| ૭ મી ઑગસ્ટ, ૧૯૦૧ | દેહ વિલય થયો. |

# વિશ્વધર્મ પરિષદ

( ચિકાગો )

મૂ. લે: સુંદરલાલ જૈન

અનુવાદક: ગુણવંત શાહ

**[ આ પરિષદ કેવી રીતે ભરાઇ, શ્રી વીરચંદભાઈ ગાંધીને ત્યાં કેવી રીતે મોકલવામાં આવ્યા, તેમણે ત્યાં જઈ શું કર્યું તેમજ પરિષદ કેવી ગઈ તેનો આછો ચિતાર આ લેખ બતાવી જાય છે.**

**—સંપાદક ]**

સન ૧૮૯૩ માં અમેરિકાના ખ્યાતનામ શહેર ચિકાગોમાં અમેરિકનોએ **સર્વધર્મ પરિષદ** બોલાવી હતી. આ પરિષદ બોલાવવાનો ઘણું કરીને તો એ હેતુ હતો કે બધા ધર્મના પ્રતિનિધિઓ એક મંચ પર ભેગા મળે અને વિચાર વિનિમય કરે તેમ જ એક બીજા ધર્મ પ્રત્યે જે દ્વેષ અને ડંખ વધી રહ્યા છે તે દૂર કરવાનો થોડોક પ્રયત્ન થાય જેથી લોકો ધર્મથી વિમુખ બની રહ્યાં છે તેમને ધર્મ તરફ વાળી શકાય, આ પરિષદને સફળ બનાવવા માટે અમેરિકનોએ લાગલગાટ અઢી વરસ સુધી સખ્ત પરિશ્રમ કર્યો ત્યારે તેને સફળ બનાવી શકાય. પરિષદ કેટલે અંશે સફળ થઈ તે **સાયન્ટીફીક સેકશનના** વડા **Hon. Mr. Marwin Marie Snell** ના નીચેના શબ્દો પરથી જાણી શકાય છે.

પરિષદનો સૌથી વધુ લાભ તો એ થયો કે ખ્રીસ્તી જગતને તેમ જ ખાસ કરીને અમેરિકનોને એ જાણવા મળ્યું કે દુનિયામા ખ્રિસ્તી ધર્મથી પણ વધુ પવિત્ર, એવા બીજા પણ ધર્મ છે. જે દાર્શનિક વિચારોમાં તર્કપૂર્ણ છે. આધ્યાત્મિક ચિંતનમાં ઘણી જ ઊંચી કક્ષાએ પહોંચેલા છે, સ્વતંત્ર એવા ગૂઢ વિજ્ઞાનમાં તેમ જ પ્રાણી માત્ર પ્રત્યે સાચી દયા રાખનાર અને માનવતા તેમજ ચારિત્ર્યમાં તે બધાં જરાય ઉતરતા નથી.”

પરિષદમાં દુનિયાભરનાં લગભગ બધા ધર્મનાં પ્રતિનિધિઓ આવ્યા હતાં. તેની સંખ્યા લગભગ દશ હજારની થવા જાય છે. પરિષદમાં એક હજારથી વધુ નિબંધો વાંચવામાં આવ્યા હતા. લોકોને એવું માનવું છે કે સારીય દુનિયામાં આના જેવી વિશાળ પરિષદ બીજી એકેય નથી થઈ. પરિષદમ તો

સમયના મશહૂર વિદ્વાન સ્વામી વિવેકાનંદ તેમજ ડૉ. ઍની બેસન્ટે પણ ભાગ લીધો હતો.

પરિષદ બોલાવવાવાળી સમિતિના પ્રમુખ **Rev. J. H. Barrows** તરફથી મુનિશ્રી **આત્મારામજી મહારાજને** નિમંત્રણ મળ્યું. આ પરિષદમાં જૈન ધર્મનો ડંકો વગાડવાની તેમની પ્રબળ ઇચ્છા હતી. પરંતુ સાધુ ધર્મનાં નિયમોને લીધે તે ત્યાં ન જઇ શક્યા આથી પરિષદમાં વાંચવા માટે તેમણે એક નિબંધ તૈયાર કર્યો. જેમાં જૈન ધર્મનો સાચો ઇતિહાસ લખ્યો હતો. તેમજ દુનિયાના તમામ પ્રાણી માત્રને જૈન ધર્મ કેવી રીતે સુખ અને શાંતિ આપી શકે છે તે બતાવ્યું હતું.

ગુરુદેવ પોતે પરિષદમાં હાજર નથી રહી શકે તે જાણી પરિષદના કાર્યકરોને કેટલું ઊંડુ દુઃખ થયું હતું તે તેમના ૧૨ જુન ૧૮૯૩ ના પત્રથી જાણી શકાય છેઃ—

**ચીકાગો**, યુ. એસ. એ
૧૨ જુન, ૧૮૯૩.

**મારા વહાલા સાહેબ,**

રેવરન્ડ ડૉક્ટર બરોજ સાહેબના કહેવાથી. આપના તા. ૧૩ મે ના પત્રનો જવાબ લખી રહ્યો છું. આ ધર્મ પરિષદમાં જૈનોના એક વિદ્વાન પ્રતિનિધિ હોવા જરૂરી છે. આ પરિષદમાં મુનિ આત્મારામજી મહારાજ પોતે હાજર નહિ રહી શકે એ જાણી અમને દુઃખ થયું છે. તોપણ અમને શ્રદ્ધા છે કે જે સમાજના આપ નાયક છો તે સમાજમાંથી આપ કોઇને કોઇ એક વિદ્વાન પ્રતિનિધિ જરૂરથી મોકલશો અને એ કહેવાની કોઇ જરૂર નથી કે અહીં ચિકાગોમાં આપના પ્રતિનિધિનો પૂર્ણ આદર સત્કાર અમે કરીશું. આપ જો આપના પ્રતિનિધિ મોકલવાના હો તો તારથી ખબર કરવા મહેરબાની કરશો. મુનિશ્રી જે નિબંધ તૈયાર કરી રહ્યા છે તે જરૂરથી અમને આનંદ આપશે અને કાર્યક્રમમાં તેને વાંચવામાં આવશે તેમજ તેના લેખકનું જેટલું મહાન ગૌરવ છે તેટલું જ મહાન ગૌરવ તેને પણ આપવામાં આવશે. જો કે અમે અહીં ચિકાગોમાં આપના ઘણા જ દૂર દૂર છીએ છતાં પણ ધાર્મિક વિવાદોમાં ઘણીવાર મુનિશ્રી આત્મારામજીનું નામ સાંભળવા મળે છે.

આ પરિષદના કાર્યવાહીના જે પુસ્તકો પ્રગટ કરવાના છે તે માટે કેટલાક ચિત્રોની જરૂર છે. જેથી જૈન ધર્મની ક્રિયાવિધિનો ખ્યાલ આવી શકે. આથી આપને વિનંતિ છે કે તે ચિત્રો તુરત જ મોકલી આપી આભારી કરશો.

ગુરુદેવે આ પરિષદમાં ભાગ લેવા માટે ખૂબ જ આતુર હતા. કારણ

તેઓ સમજતા હતા કે જૈન ધર્મના પ્રકાશ માટે આ પરિષદ એક અગત્યના મંચ જેવી હતી. અને દુનિયાના તમામ ધર્મોના વડાઓ આ પરિષદમાં ભાગ લેવાના હતા આથી એનું મહત્ત્વ ઘણું જ વધી જતું હતું.

ઉપરનો પત્ર મળતાં જ ગુરુદેવે નિશ્ચય કરી લીધો કે તે જરૂરથી એક આપણા પ્રતિનિધિને મોકલશે. પરંતુ પ્રતિનિધિની પસંદગી કરવી એ એક મુશ્કેલીનું કામ હતું કારણ તે સમયમાં જૈન સમાજ પાસે દુનિયા ભરની અંદર જૈનધર્મનો ડંકો વગાડે તેમજ જૈનધર્મને સાચી રીતે રજુઆત કરે એવા ગૃહસ્થ વિદ્વાન ઘણા જ ઓછા હતા.

આ માટે આપે બેરીસ્ટર **શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધી**ની પસંદગી કરી. કેટલાક રૂઢિચુસ્ત જૈનોએ શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની વિદેશયાત્રા માટે અવરોધો ઊભા કર્યા. પરંતુ ગુરુદેવે તેમને દાખલા દલીલોથી સમજાવી દીધા કે જૈન ધર્મ આ વિષયમાં કેટલો બધો ઉદાર છે. છેવટે તેઓ સાચા ગુરુદેવની આજ્ઞાનો સ્વીકાર કર્યો. ગુરુદેવે શ્રી વીરચંદ ગાંધીને પોતાની પાસે રાખી, પરિષદમાં મોકલવા માટેના ફૂટ પ્રશ્નો સમજાવ્યા. આમ ગુરુદેવના પ્રતિનિધિરૂપ બની શ્રી વીરચંદભાઇ પરિષદમાં ભાગ લેવા માટે અમેરિકા ભણી રવાના થઇ ગયા. વિદાય વેળાએ ગુરુદેવે પોતાનો નિબંધ (જે ચિકાગો પ્રશ્નોત્તર નામે પ્રગટ થયો છે.) વાંચવા માટે આપ્યો.

આ પરિષદ ૧૯ દિવસ ચાલી પહેલા દિવસના ઉદ્‌ઘાટન કાર્યમાં દરેક પ્રતિનિધિએ પોતાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો. શ્રીયુત્ વીરચંદ ગાંધીએ પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો:—

હું જૈન ધર્મનો પ્રતિનિધિ છું. ચારિત્ર ધર્મ તેમજ તત્ત્વ ચિંતનમાં લગભગ મળતા આવતા બૌદ્ધ ધર્મથી પણ તે વધુ પ્રાચીન છે. આજે આ ધર્મના હિંદુસ્તાનમાં પંદર લાખ અનુયાયીઓ પોતાનું જીવન શાંતિ ભર્યું અને નિયમવાળું ગુજારે છે.

હું આ સમયે મારા સમાજ તરફથી તેમજ મારા મહાન ગુરુ મુનિ આત્મારામજી મહારાજ તરફથી આપના આતિથ્યનો આભાર માનું છું. ધાર્મિક તેમજ તત્ત્વજ્ઞાનના વિદ્વાનો એક જ મંચ ઉપર ભેગા મળી ધાર્મિક વિષયો પર ચર્ચા વિચારણા કરે એ મુનિ આત્મારામજીના જીવનની એક મહત્ત્વકાંક્ષા હતી, ગુરુદેવે મને આજ્ઞા કરી છે કે તેમની તરફથી તેમજ સારાય જૈન સમાજ તરફથી આપે બોલાવેલી આ સર્વધર્મ પરિષદની સફળતા ઇચ્છું અને આપનું અભિવાદન કરું...

ગુરુદેવના આ પ્રતિનિધિએ પરિષદમાં કેવી રીતે પોતાના ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું તેમજ જનતા ઉપર તેનો કેટલો પ્રભાવ પડયો, તે તે સમયના આગળ પડતા એક અમેરિકન અખબારમાં પ્રગટ થયેલ અહેવાલ પરથી જાણી શકાય છેઃ—

**"જગ વિખ્યાત ઘણા હિંદુ વિદ્વાન, દાર્શનિક પંડિતો તેમજ ધર્મના વડાઓએ આ પરિષદમાં ભાગ લીધો અને તેઓ સૌએ પ્રવચન આપ્યાં. તેમાંના કેટલાકની વિદ્વતા, દયા તેમજ ચારિત્રની ગણત્રી બીજા ધર્મના મોટા મોટા નેતાઓ સાથે કરવામાં આવે છે. પરંતુ એ કહેવું વધારે પડતું નહિ ગણાય, કે પૂર્વના વિદ્વાનોમાંથી જે નવયુવાન જૈન શ્રાવકે—જૈન દર્શન અને ચારિત્ર-વિષે જે છટાદાર ભાષણ કર્યું તેના જેવું ભાષણ બીજું એકેય નથી થયું."**

શ્રીયુત વીરચંદ ગાંધી અમેરિકામાં બે વરસ રહ્યા. આ બે વરસમાં તેમણે અમેરિકાના બે મોટા શહેરો વોશીંગ્ટન, બોસ્ટન—ન્યુયોર્ક વગેરેમાં બધા મળી લગભગ ૫૩૫ ભાષણો આપ્યાં. તેમના દરેક ભાષણોમાં હજારોની મેદની જામતી હતી. ઘણી જગાએ તેમણે અભ્યાસ વર્ગો પણ શરૂ કર્યાં હતાં. ઘણાએ માંસાહાર છોડયો હતો. ઘણાં જૈન બન્યા હતાં. ત્યાંથી પ્રચાર કર્યા બાદ શ્રીયુત વીરચંદ રાઘવજી ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની વગેરે દેશોમાં જૈન ધર્મનો પ્રચાર કરતાં કરતાં જુલાઈ ૧૮૯૬માં હિંદુસ્તાન પાછા ફર્યાં.

**(આત્માનંદ જન્મ શતાબ્દિ ગ્રંથમાંથી )**

પાન નં. ૩૪ થી ૪૨

## ગ્રાહકોને નમ્ર વિનંતી

**'બુદ્ધિપ્રભા' દર માસની દસમી તારીખે પ્રગટ થાય છે. આપને તા. ૨૦ સુધી અંક ન મળે તે પછી જ, આપનો ગ્રાહક નંબર લખીને કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**સર્વધર્મ પરિષદ્‌ના ભારતીય પ્રતિનિધિ**

**શ્રી. વીરચંદ રાઘવજી ગાંધી**

B. A; M.R.S; J.S.

મુંબઈ–હિંદુસ્તાન

# માનવની મહત્તા અને દુનિયા

વિષે પૌર્વાત્ય નજરે છ છ પ્રવચનો આપશે

સ્થળ :

**NEW CENTURY HALL**

**509, Fifth Ave,**

**NEW YORK**

**( Between 42d and 43 Sts. )**

**સમય : સવારના આઠ**

**માર્ચ ૧૦, ગુરૂવાર**

**અમેરિકાને આર્યાવર્તનો સંદેશ**

(પશ્ચિમની દુનિયાને આપવા માટે પૂર્વ પાસે શું છે. તે)

**માર્ચ ૧૫, મંગળવાર**

**માનવના વ્યક્તિત્વનુ વર્ગીકરણ**

(પશ્ચિમથી અજાણુ એવા માનવ જીવનના વિવિધ કાર્યસાધક સિદ્ધાંતો.)

**માર્ચ ૧૭, ગુરૂવાર**

**માનવીના બૌદ્ધિક સ્વભાવનું પૃથ્થકરણ**

(જે પશ્ચિમે જાણ્યું નથી તેમ જ ન તો તેનો તેને અભ્યાસ છે.)

**માર્ચ ૨૨, મંગળવાર**

**માનવીનું માનસશાસ્ત્રીય કર્તવ્ય**

(જે આપણા ખોટા ઘમંડને લીધે પૂરું સમજાયું નથી.)

**માર્ચ ૨૪, ગુરૂવાર**

**માનવીના આધ્યાત્મિક વિકાસ માટેની મહત્ત્વની શરતો**

(જેઓ શિક્ષણુ અને સંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વનો ભાગ લેવા ઇચ્છે છે તેઓએ ખાસ સાંભળવા જેવું.)

**માર્ચ ૨૯, મંગળવાર**

**માનવીની ગૂઢ શક્તિયોના વિકાસ માટેની પ્રાયોગિક રીત રસમો.**

નોંધઃ—**મૂળ અંગ્રેજીમાંથી ગુજરાતી કર્યું છે.**

**આત્માનંદ જૈન શતાબ્દિ ગ્રંથ પાન નં. ૨૨**

# જડબાતોડ જવાબ
## યાને
# હિંદુ ધર્મનું બચાવનામું

[ ૧૮૯૩ માં ભરાયેલ સર્વધર્મ પરિષદમાં લંડનના પ્રતિનિધિ રેવરન્ડ પેન્ટેકોસ્ટે "હિંદુ ધર્મ વિષે કાદવ ઉછાળતાં કહ્યું કે :—

એ સ્ત્રીઓ વેશ્યા હતી માટે તેમને દેવદાસી બનાવી. અને તેથી એ દેવદાસીઓના લેબાશમાં વેશ્યાગીરી પણ કરતી હતી."

હિંદુ ધર્મનું આ ભારે ભાર અપમાન હતું. હકિકતને અવળી રીતે રજુ કરી પેન્ટેકોસ્ટે હિંદુ ધર્મને હલકો પાડયો હતો.

સ્યાદ્‌વાદનો પૂજારી આ કેમ સાંખી શકે ?

જો કે **શ્રી વીરચંદ રાઘવજી ગાંધી** જૈન ધર્મના પ્રતિનિધિ હતા. છતાં પણ આ ટીકાથી તેઓ દાઝી ઊઠયા. અને પોતાના ભાષણમાં પેન્ટકોસ્ટને આ વાતનો સણસણતો જવાબ આપ્યો. અને અવળી વાતનો લોકોનો ભ્રમ ભાંગી નાંખ્યો.

તેમના આ ભાષણનો ભાવાનુવાદ અત્રે રજૂ કરવામાં આવે છે.

એ વાંચતાં સમજાશે કે શ્રી ગાંધીએ સદા સત્યનો જ આગ્રહ રાખ્યો છે. હિંદુ ધર્મ કયાં મારો ધર્મ છે એમ કહી તેમણે સાંપ્રદાયિકતા બતાવી નથી. અહીં અનેકાંતના સાચા પૂજારી ને નીર્ભિક ઉદાર મતવાદી શ્રી ગાંધીના આત્મગુણે દર્શન થાય છે.

—સંપાદક. ]

મારા પ્રવચનની શરૂઆત કરતાં પહેલાં હું કેટલીક વાતની સ્પષ્ટતા કરવા ચાહું છું. પ્રથમ તો એ કે આ મંચ એ એક બીજાને ગાળો દેવા માટેનો નથી. અને મને એ કહેતાં ભારોભાર દુઃખ થાય છે કે કેટલાક બીન ખ્રીસ્તીઓએ અહીં વારંવાર તેવું વર્તન બતાવ્યું છે. પરંતુ હું તેઓની એ ખોટી રજુઆતોને કેમ બરાબર સમજાવવી તે બરાબર જાણું છું. મને એ કહેતાં આનંદ થાય છે. કે જે ધર્મનો હું પ્રતિનિધિ છું તે ધર્મ વિષે કોઇએ પણ તેવી છેડછાડ કરવાની હિંમત કરી નથી. કારણ કે તેઓ સારી રીતે

સમજે છે કે તેમણે તેમ ન કરવું જોઈએ કે આપણા સમાજમાં રહેલા અનિષ્ટો પ્રત્યે ટીકાઓ થાય જ છે. અને આ વિષે મેં જે અગાઉ વારંવાર કહ્યું છે તેજ આજે ફરીથી કહું છું કે આવા અનિષ્ટો ધર્મને લીધે નથી બનતાં પરંતુ બીજા દેશોમાં જેમ બને છે તેજ પ્રમાણે ધર્મ વીહિનતાને લીધે બને છે.

કેટલાક માનવી તેમની વધુ પડતી મહત્વકાંક્ષાને લીધે પોતાને પોલ માની લે છે. આ નવા બનેલા અને પોતાને બનાવી લીધેલા પોલો ભારતમાં આવી પોતાના વિચારને આદર્શ રજુ કરવા આવે છે અને તેમ કરી સારાય ભારતને રાતોરાત પલ્ટી નાંખવાનું સ્વપ્ન સેવે છે. પરંતુ સ્વપ્ન ક્યારે કાયમ ટકે છે? એ જાગતાં સરી જ જાય છે. તેમ તેમનું એ સ્વપ્ન સરી જતાં પછી તેઓ હિંદુઓની ટીકા કરવામાં જ બાકીની જિંદગી ગાળે છે. પરંતુ તેઓએ સમજવું જોઇએ. કે ટીકા એ કંઇ ધર્મ સામેનો બચાવ નથી તેમજ પોતાના જ ધર્મની માત્ર પ્રશંસા કરવાથી કંઈ પોતાનો ધર્મ સત્ય બની જતો નથી. ખરેખર આવા નબળા વિચાર ધરાવનાર માણસો પ્રત્યે મને ખૂબ લાગી આવે છે.

દક્ષિણ હિંદુસ્તાનના કેટલાક હિંદુ મંદિરોમાં ખાસ પ્રસંગે સંગીત માટે ગાનારીઓને બોલાવવામાં આવે છે. તેમાંની કેટલીકનું ચારિત્ર્ય શંકાશીલ હોય છે. અને આ માટે હિંદુ સમાજ દુઃખની લાગણી પણ અનુભવે છે તેમજ એવી બદચલન ગાનારીઓને દૂર કરવાનો તે પ્રયત્ન પણ કરે છે, પરંતુ આટલા પરથી જો કોઇ એમ કહેતું હોય કે તેઓ બધી વેશ્યાઓછે. એટલે તેઓ દેવદાસી બની છે અને દેવદાસી બની છે, એટલે તેઓ વેશ્યાગીરી કરે છે. તો તેઓ ભીંત ભૂલે છે. તેઓને અંધકારથી પ્રકાશ એક અલગ છે એના ભેદની જરાય જાણ નથી આવું કહેનારા આ વાત સ્પષ્ટપણે જાણી લે કે આ દેવદાસીઓને ભગવાનનાં ગભારામાં પણ ઢુંકવા દેવામાં આવતી નથી. તેમજ કાશ્મીરથી તે કન્યાકુમારી સુધી હિંદનાં મંદિરોમાં એક પણ સ્ત્રી પૂજારણ નથી.

હિંદુ ધર્મમાં આવા અનિષ્ટો ચલાવી લેવામાં આવે છે ને તે હિંદુ ધર્મની નબળાઇ છે એમ જો કોઇ કહેતું હોય તો હું પેલા ગ્રીક ઇતિહાસકારના શબ્દો યાદ દેવડાવું છું કે જેણે હિંદુ સમાજ વિષે કીધું છે:—

મેં હિંદુસ્તાનમાં એવો એક પણ માનવી નથી જોયો કે જુઠું બોલતો હોય. તેમજ મેં એવી એક પણ હિંદુ નારી નથી જોઇ કે જે ચારિત્ર્યથી ભ્રષ્ટ હોય.

અને મને, એ લોકો બતાવે કે હિંદુસ્તાનની જેવી શીલવંતી નાર તેમજ હિંદુસ્તાનના જેવા વિનમ્ર પુરુષો આજે બીજા કયા દેશમાં છે?

આ ઉપરથી પૂર્વના સિદ્ધાંતોને એક ખાલી પરપોટા સમજી ઘોંચ પરોણો ભલે કરવામાં આવે પરંતુ એ આ સભા મંચ ઉપરથી ઘણીવાર લાગીઓના ગડગડાટોએ દુનિયાને એ બતાવ્યું છે કે કેટલીકવાર મદ અને અભિમાનથી ભરેલા ભારે વજનદાર બલૂન કરતાં પણ એ પરપોટા વધુ વજનદાર હોય છે.

આમ જેઓ હિંદુસ્તાનની મહત્તાને ઉતારી પાડે છે તેઓ પ્રત્યે મને ખૂબ ખૂબ લાગી આવે છે. અને એ માટે મને એક જ રીતે આશ્વાસન મળે છે કે તેઓ જે આ બધું જાણે છે તે બધું તેમણે એક બીજા પાસેથી મળેલી ખોટી અને વહેમી માન્યતાઓમાંથી જાણેલું હોય છે.

અને જેઓ જિસસના ચારિત્ર વિષે ટીકા કરે છે તેવા હિંદુઓને હિંદુ ગણવાનો ઇન્કાર કરી જેઓ કલ્પનાના તરંગમાં છાનો એવો અહં અનુભવે છે તેઓને હું ઇસપની એક જુની દંતકથાની યાદ આપવા માગું છું.

તેમાં એક જગાએ કહેવામાં આવ્યું છે કે:—હું પથ્થરને નહિ પરંતુ પથ્થરના ભીંતરમાં રહેલા આદર્શને પ્રણામ કરું છું.

અને વધુમાં તેઓને હું શહેનશાહે મહાન અકબરના જીવનની એક વાતની યાદ આપું છું.

એક જહાજ મક્કા જતું હતું. તેમાં મુસ્લિમ યાત્રાળુઓ હતાં. રસ્તામાં એ વહાણ પોર્ટુગીઝોએ લૂંટી લીધું. લૂંટના સામાનમાં તેમને પવિત્ર કુરાનના કેટલાક પાના મળી આવ્યાં. આ પાનાઓ તેમણે કૂતરાના ગળામાં બાંધ્યાં અને તેમને આર્મુઝની ગલીઓમાં ફેરવ્યા.

ત્યારબાદ એવું બન્યું કે બાદશાહના માણસોએ પોર્ટુગીઝોનું વહાણ લૂંટી લીધું. એ લૂંટના સામાનમાં તેમને બાઇબલના પુસ્તકો મળી આવ્યાં.

આ બધી વાતની જાણ અકબરની માને થઇ. અકબરની મા ધર્મઝનૂની મુસ્લીમ હતી. તેને કુરાનના અપમાનથી ઘણું જ દુઃખ થયું. આ વખતે પોર્ટુ-ગીઝોનો સમય હતો તેથી તેણે અકબરને પોર્ટુગીઝોએ જે હાલ કુરાનના કર્યા હતાં તેમ બાઇબલનું કરવા કહ્યું:—

પરંતુ ઉદાર મનના અકબરે કહ્યું:— મા! આ અજ્ઞાન માનવીઓ નથી જાણતા કે કુરાન એ કેટલું મહાન છે! અને તેઓએ જે કંઇ કર્યું છે તે અજ્ઞાનવશ કર્યું છે. પરંતુ હું તો કુરાન અને બાઇબલ બંનેનું ગૌરવ સમજું છું. આથી હું મારી જાતને તેમની જેમ હલકી પાડી શકું નહિ.

★

# મુંબઈથી અમેરિકા

[ શ્રી વીરચંદભાઈ ગાંધીએ અમેરિકા જઈ પોતે શું કર્યું ને કરી રહ્યા છે તેનું તાદૃશ્ય ચિત્ર તેમણે પોતે લખેલા આ પત્રમાંથી જાણી શકાય છે.
—સંપાદક ]

૧૯, જુલાઈ ૧૮૯૭

રા. રા. પરમપ્રિય ભાઇશ્રી,
**મગનલાલ દલપતરામની સેવામાં**
**અમદાવાદ.**

ચિકાગોથી લિ. સેવક વીરચંદ રાઘવજી ગાંધીના પ્રણામ સ્વીકારશો. આપના પત્રો પહોંચ્યા છે. છેવટનો પત્ર મીસીસ હાવર્ડની ઉપરના પત્ર સાથે આજે આવ્યો તે પહોંચ્યો છે.

ગયા ઓકટોબર માસની શરૂઆતમાં હું અહીં આવ્યો ત્યારથી અત્યાર સુધી ભાષણોની ધામધુમમાં રોકાયેલો હોવાથી આપને પત્ર લખી શકયો નથી તો માફ કરશો.

મુંબઈ છોડયા પછી અમે લંડન પહોંચ્યા. ત્યારપછી ચાર પાંચ દિવસે મી. ફત્તેચંદ, બ્રીંડીસી રસ્તે લંડન આવી પહોંચ્યા. ત્યાંથી ન્યુયોર્ક અમે સાથે આવ્યા. ન્યુયોર્કમાં ફકત એક દિવસ રહી ચિકાગો તરફ રવાના થયા. રસ્તામાં રોચેસ્ટર નામનું શહેર આવે છે. ત્યાં દાકતર સેન્ફર્ડ તથા મીસીસ સેનફર્ડ અમારા મિત્રો રહે છે. તેમનો આગ્રહ પૂર્વક પત્ર આવવાથી અમે ત્યાં બાર કલાક રોકાયા ત્યાંથી રવાના થઇ તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ચિકાગો આવી પહોંચ્યા. થોડા દિવસ પછી મીસીસ હાવર્ડ અને તેના મિત્રોએ અમને રીસેપ્શન આપ્યું. તેમાં ઘણા લોકોને આમંત્રણ આપ્યું હતું એ સઘળા મિત્રો અમને અહીં આવેલા જોઇને ઘણા ખુશી થયા. ત્યારપછી અહીંના STEINWAY HALL નામના પ્રખ્યાત મકાનમાં મેં એક જાહેર ભાષણ આપ્યું. અને મીટીંગમાં આવેલા ગૃહસ્થો તથા બડમોએ એવી ઇચ્છા જાહેર કરી કે મારે એક ઓફિસ રાખવી જોઇએ. અને ત્યાં હિંદુસ્તાનનાં પ્રાચીન ધર્મ સંબંધી ભાષણો આપવાં જોઇએ. તે ઉપરથી અહીંના મેસોનીક ટેમ્પલ નામના પ્રખ્યાત બાવીશ મજલાના મકાનમાં તેરમા મજલા ઉપર મેં મારી ઓફીસ રાખી અને ત્યાં તેમજ બીજી કેટલીક જગાએ ભાષણો આપવાં શરૂ કર્યા. એ ભાષણો ગયા એપ્રીલ માસની આખર સુધી આપ્યાં. એ દરમિયાન અહીંથી આશરે બસો માઈલ મેનીસ્ટી નામનું શહેર છે ત્યાં યુનીટેરીયન પંથના

ક્રીશ્ચીયન લોકોની કોન્ફરન્સ થઇ હતી. તેમના તરફથી આમંત્રણ મળવાથી ત્યાં પણ એક ભાષણ આપવા ગયો હતો.

એ ભાષણ હિંદુસ્તાનની ગુપ્ત વિદ્યા occuttism in India એ વિષય ઉપર હતું. વળી બીજી તરફ અહીંથી આશરે બસો માઇલ ઓશકોશ નામનું શહેર છે. ત્યાંના કોનગ્રેશનલ પંથના ક્રીશ્ચીયન પાદરી રેવરંડ મી. સ્મીથ તરફથી આમંત્રણ આવવાથી તેમના દેવળમાં રવિવારની સવાર તથા સાંજ મળી બે ભાષણ આપ્યા હતા. તેમાં સવારમાં "**જિસસ ક્રાઇસ્ટના ધર્મનો સ્યાદ્વાદ મત પ્રમાણે અર્થ**" એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું અને સાંજના "**હિંદુસ્તાનનો પ્રાચીન ધર્મ**" એ વિષય પર ભાષણ આપ્યું હતું. વળી અહીંથી આશરે સો માઇલ રેસીન નામનું શહેર છે ત્યાંના યુની-વર્સલીસ્ટ પંથના ક્રીશ્ચીયન પાદરી રેવરંડ મી. ગ્રીવરના આમંત્રણથી તેમના દેવળમાં "**જૈનધર્મ**" ઉપર ભાષણ આપ્યું હતું. વળી અહીંથી વીશ માઇલ ઓકપાર્ક નામનું ગામ છે ત્યાં ત્રણ વખત જઇ યુનીટી ચર્ચ નામના ક્રીશ્ચીયન દેવળમાં ભાષણો આપ્યાં હતાં. પહેલી વખત "**સમ્યગ્દર્શન**" ઉપર ભાષણ આપ્યું હતું. બીજી વખત "**જૈનધર્મ**" ઉપર ભાષણ આપ્યું હતું. ત્રીજી વખત "**ષડ્દર્શન**" ઉપર ભાષણ આપ્યું હતું.

મારી ઓફિસમાં **અભ્યાસવર્ગ** સ્થાપ્યો હતો તેમાં મુખ્યત્વે કરી "**જૈનધર્મમાં યોગનું સ્વરૂપ**" **ધ્યાનનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ, સ્વરોદય** વગેરે વિષયો સંબંધી લોકોને શિક્ષણ આપ્યું હતું. તે સિવાય એજ મેસોનીક દેવલમાં બીજા જાહેર હોલમાં-**હિંદુસ્તાનની સતીઓ, વશીકરણ વિદ્યા, રત્નશાસ્ત્ર, અવધિજ્ઞાન, ચમત્કાર વિદ્યા, ધ્યાન કરવાની વિધિ** વગેરે ઘણા વિષયો ઉપર ભાષણો આપ્યાં હતાં. વળી અહીંથી વીશ માઇલ એવન્સ્ટન શહેર છે ત્યાં એક અભ્યાસ વર્ગ સ્થાપ્યો હતો. ત્યાં '**યોગવિદ્યાના સ્વરુપ**' ઉપર લોકોને શિક્ષણ આપ્યું હતું. એંગલવુડ નામનું ચિકાગોનું પરૂ છે જ્યાં હું રહું છું ત્યાં, મીસીસ હાવર્ડના ઘરમાં એક અભ્યાસ વર્ગ સ્થાપ્યો હતો. તેમાં યોગશાસ્ત્ર સંબંધી શિક્ષણ આપ્યું હતું.

ચિકાગો વીમેન્સ કલબ તદ્દન સ્ત્રીઓની સભા છે તેમના આમંત્રણથી તેમના સ્ત્રી સભાસદો સમક્ષ '**ગાયન વિદ્યા**' ઉપર ભાષણ આપ્યું હતું. Southside Woman's Club સમક્ષ '**અમેરિકાની સ્ત્રીઓએ ટોપીઓમાં પક્ષીનાં પીંછાઓ પહેરવાં ન જોઇએ**' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું.

જેમ લંડન શહેરમાં National

Liberal Club છે અને તે ઘણી પ્રખ્યાત તથા વગવાળી રાજદ્વારી સભા ગણાય છે તેમ અહીં Union League Club છે. તેની અંદર સાત હજાર મેમ્બર છે. તેમના વાર્ષિક મેળાવડા વખતે મને આમંત્રણ મળ્યું હતું અને Influence of recent Social legislation on American Politics એ વિષય ઉપર ભાષણ આપવા જણાવ્યું તે પ્રમાણે ભાષણ આપ્યું હતું. એ સિવાય બીજાં ઘણાં ભાષણો આપ્યાં હતાં. જેમકે Ladics Press League સમક્ષ Relation between Press and Stage એટલે ન્યુઝ-પેપર તથા નાટક વચ્ચેનો સંબંધ એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. થીયોસોફીકલ સોસાયટી સમક્ષ સાત આઠ ભાષણો આપ્યાં હતાં. સ્પીરીચ્યુલ સોસાયટી સમક્ષ ત્રણ ભાષણો આપ્યાં હતાં. યુનીવર્સલીસ્ટ ચર્ચમાં પાંચ ભાષણો આપ્યાં હતાં.

એ પ્રમાણે ગયા એપ્રીલ માસ સુધી કામ કર્યા પછી અહીંથી હું ગ્રાંડ રેવીડ્ઝ નામનું શહેર જે ૧૬૦ માઈલ દૂર છે ત્યાં જઈ એક મહિનો રહ્યો હતો. તે દરમિયાન ચાલીશ ભાષણો જુદા જુદા વિષયો ઉપર આપ્યા હતા.

આ સઘળા વખતમાં મારી સ્ત્રીની તબિયતને અહીંની હવા બીલકુલ અનુકૂળ પડી નહોતી અને તેને હિંદુસ્તાન મોકલવાની જરૂર પડી તેથી તા. ૨ જુનના રોજ ન્યુયોર્કથી મારી સ્ત્રી સાથે લંડન આવ્યો. અને ત્યાંથી તા. ૧૧ જુનના રોજ મારી સ્ત્રીને હિંદુસ્તાન તરફ મોકલી હું લંડનમાં થોડા દિવસ રહ્યો. એ વખતે બારીસ્ટરની પરીક્ષા માટે ટર્મ ભરવાનો વખત હતો. તે મને અનુકૂળ હોવાથી મેં એક ટર્મ Gray's Inn નામના બારીસ્ટરોના ઈન્સ્ટીટયુશનમાં ભરી. બધી મળી બાર ટર્મ ભરવી જોઇએ અને ૭ પેપરની પરીક્ષા આપવી જોઈએ. આવતા વરસે બીજી બે ટર્મ ભરીશ અને બે પેપરની પરીક્ષા આપીશ. ધીમે ધીમે અનુકૂળતા પ્રમાણે બધી ટર્મ ભરી દઇશ અને પરીક્ષા આપીશ એને માટે મોટી ફી આશરે ૨૫૦૦ રૂપિયા આપવા પડે છે. અગાઉથી થોડા આપ્યા છે. બાકીનાને માટે જામીન આપ્યો છે તે છેવટની પરીક્ષા વખતે રૂપિયા આપવા પડશે.

લંડનથી તા. ૨૬ જુનના રોજ રવાના થઈ તા. ૩ જુલાઇના રોજ ન્યુયોર્ક આવ્યો. ત્યાંથી ચિકાગો આવી, અહીંથી ૨૦૦ માઇલ ચાર્લોટ નામનું શહેર છે ત્યાં ભાષણો આપવા ગયો. ત્યાં કેટલાક ભાષણો આપી તા. ૧૭ જુલાઈના રોજ અહીં હું પાછો આવ્યો છું. તા. ૨૨ જુલાઇના રોજ, અહીંથી ૧૧૦૦ માઈલ, આંટલાંટીક મહાસાગરના

કિનારા પર બોસ્ટન નામનું શહેર છે તેની પાસે on Set Bay નામની જગ્યા છે ત્યાં જુદા જુદા વિષયોનો અભ્યાસ કરવા તથા ભાષણો સાંભળવા હજારો લોકો એકઠા થાય છે. ત્યાંથી આમંત્રણ આવવાથી હું ત્યાં જઈશ. ત્યાં એક મહિનો રહી ત્યાંથી ઉત્તર ભાગમાં આશરે ૭૦ માઇલ Greenacre નામનું શહેર છે ત્યાં Summer School of Comparative Religions નામનું ખાતું સ્થાપ્યું છે તેના તરફથી **જૈનધર્મ** સંબંધી કેટલાક ભાષણો આપવા મને આમંત્રણ મળ્યું છે તેથી ત્યાં જઈશ. સપ્ટેમ્બર મહિનો આખો બોસ્ટન તેમજ તેની આસપાસના શહેરોમાં ભાષણ આપવા ગાળીશ. ઓકટોબર મહિનામાં ન્યુયોર્ક અને તેની આસપાસના ગામોમાં ભાષણ આપીશ, નવેમ્બર મહિનો વોશીંગ્ટન શહેરમાં રહીશ. ડીસેમ્બરમાં કલીવલેંડ, ડીટ્રોઈટ, રોચેસ્ટર વગેરે શહેરોમાં ભાષણ આપીશ. જાન્યુઆરીમાં ફરીથી આંડરેપીડ્ઝ શહેર જઈશ. ત્યારપછી કયાં જઈશ તે હાલ નક્કી નથી......

......અહીં મેં School of Oriental Philosophy નામની સ્કુલ શરૂ કરી છે. અને તેમાં અગાઉ જણાવેલા વિષયો સંબંધી શિક્ષણ આપવામાં આવે છે......

આ વરસમાં હિંદુસ્તાનમાં દુકાળ પડયો છે અને તેને લીધે લાખો માણસો ભૂખે મરે એવા ખબર અહીં આવવાથી મેં અહીંના લોકોને વિનંતી કરી એક કમિટી સ્થપાવી છે. તેના પ્રમુખ ઓનરેબલ મી. સી. સી. બોન છે. તેઓ World's Congresses Auxiliary ના ૧૮૯૩ માં પ્રમુખ હતા. હું આ કમીટીનો સેક્રેટરી છું. ઘણા પ્રયાસો કરી મકાઇથી ભરેલી એક સ્ટીમર કલકત્તે મોકલાવી છે. ગરીબોને તે ત્યાં પહેંચવામાં આવશે. આશરે ૪૦,૦૦૦ રૂા. રોકડા હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મોકલાવ્યા છે. ઘણું કરીને થોડા દિવસ પછી રૂા. ૨૦૦૦ લગભગ આપણા જૈન સંઘ ઉપર મોકલાવીશું.

આ પ્રમાણે રાત-દિવસ કામમાં રોકાયેલો રહું છું તેથી આપણા ભાઇઓ ઉપર પત્ર લખી શકયો નથી. ત્યાં સર્વેને પ્રણામ કહેશો. એજ.

વધારે સમાચાર આવતા મેલમાં લખીશ.

અમારા બે

લે : ગુણવંત શાહ
સંપાદક
બુદ્ધિપ્રભા

અભિનવ શૈલી, આધુનિક ઉપમાઓ અને સરળ ભાષામાં ચરમ તિર્થંકર ભગવાન મહાવીરની સારીય જીવન ગાથા વણી લેતી એક અનોખીજ પુસ્તિકા

કીંમત પચાસ નવા પૈસા (પોસ્ટેજ અલગ)

# આધુનિક મહાવીર

અભિનવ

આ અંકના પહેલા બે પાના તમે વાંચ્યા ?

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજે સંસ્કૃત ભાષામાં લગભગ છસો શ્લોક પ્રમાણ પ્રેમ ગીતા લખી છે.

તેનો રસઝરતી શૈલીમાં ભાવાનુવાદ કરવામાં આવ્યો છે. પ્રેમનું પૃથક્કરણ સમજવા માટે વાંચો.

કીંમત પચાસ નવા પૈસા (પોસ્ટેજ અલગ)

# પ્રેમ ગીતા

ભાવાનુવાદક :
ગુણવંત શાહ

—: લખો :—
ભગવાન શાહ
C/o બુદ્ધિપ્રભા
૧૯ ૨૧, પીકેટ ક્રોસલેન,
મુંબઈ ૨.

પ્રકાશન

# અમેરીકાની આંખે

સંગ્રાહક અને અનુવાદક : **પન્નાલાલ રસીકલાલ શાહ.**

[ **શ્રી વીરચંદભાઈ અમેરિકા અને યુરોપમાં રહ્યા ત્યારે અનેક અખબારોએ તેમનાં ભાષણો અને જીવનની નોંધ લીધી હતી. અહીં લેખકશ્રી તેવા કેટલાક અખબારો રજુ કરે છે. શ્રી ગાંધીને વિદેશમાં કેવી જવલંત સફળતા મળી હતી તેના આ દસ્તાવેજી પૂરાવા છે. —સંપાદક** ]

## શ્રી વીરચંદભાઈની શકિતને અંજલિ અર્પતા વિદેશી પત્રો.

**'બેનર ઓફ લાઈટ:' સ્વામી વિવેકાનંદ અને વીરચંદ-ભાઈની તુલના કરે છે.**

સને ૧૯૦૨ માં સ્વામી વિવેકાનંદનો દેહવિલય થયો ત્યારે આ પત્રે **સ્વામી વિવેકાનંદ અને વીરચંદભાઇ ગાંધીની તુલના કરતાં નીચે મુજબ અભિપ્રાય વ્યકત કર્યો હતો.**

" આ બન્ને ભારતના ઉત્તમ રત્નો માટે કહી શકાય તેમ છે કે:"

(૧) વિવિધ ધર્મોની ચર્ચા અર્થે ચિકાગોમાં ૧૮૯૩માં ભરાયેલી ધર્મ પરિષદ સમયની બન્નેની કૃતિ અદ્યાપિ હજારો લોકોની પ્રશંસાનો વિષય છે.

(૨) બન્ને લોકપ્રિય વ્યાખ્યાનકાર હતા, અને અમેરિકામાં શ્રોતાઓ તરફથી તેમના સંબંધમાં ઘણાં સ્તુતિવચનો શ્રવણે પડતા હતા.

(૩) જે લોકો તેમના ભાષણો સાંભળતાં તેઓ તેમના સિદ્ધાંતોને પ્રીતિથી સ્વીકારતા અને **જેઓ તે સિદ્ધાંતોનો યથાર્થ નિર્ણય**

**કરવા વિચાર કરતા તેઓના મન ઉપર તેમના વિચારોની છાપ અદ્યાપિ** પર્યંત રહેલી છે.

(૪) બન્નેના જીવન ટૂંકા હતા. વિવેકાનંદ ૪૦ વર્ષની વયે ને વીરચંદ ૩૭ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા. **બન્ને વધારે જીવ્યા હોત તો પોતાના ભવિષ્યના સમયનો વધારે સારો જ ઉપયોગ કરત.**

(૫) બન્ને સ્વભૂમિ ભારતમાં જ વિદેહ કૈવલ્ય થયા. વિવેકાનંદ બેલુરના મઠ ખાતે ૧૯૦૨ માં અને વીરચંદભાઈ ૧૯૦૧માં મુંબઈમાં."

છેવટે શ્રી વીરચંદભાઈની સ્મૃતિ જાળવવા જૈન સમાજે કંઈજ ન કર્યું એની ટીકા કરતાં એ લખે છે કેઃ—

"સ્વામી વિવેકાનંદના વિચારોની પ્રબલ અસર તેના શિષ્ય-મંડળ (અભેદાનંદ આદિ) એ રામકૃષ્ણ સોસાયટી આદિ અનેક સંસ્થાઓ સ્થાપી જવલંત અને ચિરસ્થાયી રાખી છે. **જ્યારે અતિ શોકનો વિષય છે કે સ્વ. વીરચંદના વિચારોની પ્રબલ અસર કોઈપણ જૈન તરફથી જારી રહી નથી, એટલું જ નહિ પરંતુ વીરચંદભાઈનું નામ કે નિશાન રાખવા કંઈપણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી. આનું નામ 'નગુણાપણું' નહીં?"**

એક વિદેશી પત્ર આ રીતે લખે છે ત્યારે મોડા મોડા પણ એમની જન્મ શતાબ્દિ સમયે એમની કાયમી સ્મૃતિ રહે એવું કરવાની જૈન સમાજે આવશ્યકતા સમજી લેવી જોઈએ, અને આવી ટીકાનું પુનરાવર્તન ન થાય એ જોવું જોઈએ.

**ચિકાગો ટાઈમ્સ** (તા. ૨૬-૯-૧૮૯૩) ચિકાગો વિશ્વધર્મ

પરિષદમાં લંડનના પ્રતિનિધિ રેવરન્ડ ડૉ. જ્યોર્જ એફ. પેન્ટેકોસ્ટે જ્યારે હિન્દુધર્મ પર પ્રહારો કર્યા, ત્યારે શ્રી વીરચંદભાઈએ જે સુયોગ્ય પ્રત્યુત્તર આપ્યો એની પ્રશંસા લગભગ દરેક વર્તમાન પત્રોએ કરી છે. અગ્રગણ્ય વર્તમાન પત્રનો અભિપ્રાય જોઈએ.

"ભારતના પ્રતિનિધિ મી. ગાંધી કેટલીક અયોગ્ય ટીકાઓનો પ્રત્યુત્તર આપે છે. ગયા રવિવારે સાંજના વિશ્વધર્મ પરિષદ સમક્ષ પોતાનું પ્રવચન કરતાં લંડનના રેવરન્ડ ડૉ. જ્યોર્જ એફ પેન્ટેકોસ્ટે બ્રાહ્મણ સ્ત્રીઓના શંકાસ્પદ ચારિત્ર બાબત જ્યારે પ્રહાર કર્યો, ત્યારે તેણે ધર્મ પરિષદ જે મૂળભૂત ધ્યેય સાથે મળી અને સફળ થઈ છે, એના પ્રથમ નિયમ માત્રનો જ ભંગ નથી કર્યો, પરંતુ તેણે ખ્રિસ્તી, બૌદ્ધ અને અન્ય ધર્મોના પ્રતિનિધિઓનો ખોફ વહોરી લીધો છે! ડૉ. જ્યોર્જના પ્રવચનમાંથી અયોગ્ય પ્રહારોનો અહીં થોડોક ભાગ રજૂ કર્યો છે."

"આપણે શકય તેટલી ખૂબ જ ધીરજથી જુદાં તરી આવે એવાં પૌર્વાત્ય વિદ્વાનોને આપણી રાજકીય, સામાજિક બાબતો વિષે છેલ્લા કેટલાક દિવસોથી સાંભળ્યા. તેઓ ચિકાગો અને ન્યુયોર્કના ગંદા વિસ્તારમાંથી પસાર થાય છે અને પછી આપણા પર કાદવ ઉડાડે છે. પરંતુ આપણે એ વાતને નકારી કાઢીએ છીએ કે એ ખ્રિસ્તી ધર્મનો નમૂનો નથી. પરંતુ ભારતના ઉચ્ચ વર્ગના બ્રાહ્મણોમાંથી ઓછામાં ઓછી ૬૦૦ જેટલી પૂજારણો વેશ્યાઓના કામ કરે છે. તેઓ વેશ્યાઓ છે, છતાં પૂજારણ બનાવવામાં આવે છે અને પૂજારણ હોવા છતાં તેઓ વેશ્યાઓના કામ કરે છે. આવા લોકો

ખ્રિસ્તી ધર્મને નિંદે છે. ચિકાગોની ભૂમિ ઉપર એથી ત્રણ **પૂર્વના પરપોટાઓ** છે, જેનો નાશ કરવો જોઈએ."

**" આવા વાતાવરણમાં આવી ભાષા એ ટીકા કરતાં કંઈક વિશેષ છે અને જૈનધર્મના પ્રતિનિધિ શ્રી વીરચંદ ગાંધીએ કરેલા સુયોગ્ય બચાવની સામે એ ટકી શકતા નથી.** શ્રી ગાંધીએ જે કાંઈ કહ્યું તે એના " જૈન ધર્મનો ઇતિહાસ અને મૂળભૂત સિદ્ધાંતો " પ્રવચનના પૂર્વ નિવેદનરૂપ હતું."

ડૉ. જયોર્જની ટીકા અને શ્રી વીરચંદભાઈના પ્રત્યુત્તરની પ્રશંસા સાથે આટલું પ્રાસ્તાવિક લખી, આ પત્રે શ્રી વીરચંદભાઈના હિન્દુ ધર્મના બચાવ અંગેના પ્રવચનનો અક્ષરશઃ ઉતારો આપ્યો હતો.

★

ઉચ્ચ બનાવટ
મનોહર ઘાટ વિશુદ્ધ માલ વ્યાજબી ભાવ

રાજકમલ સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વાપરો.
ઉત્પાદકોઃ—રતીલાલ નગીનદાસ એન્ડ કુાં૦
૧૧૮, કંસારા ચાલ, મુંબઈ ૨.
ઓફિસ ફોન : ૩૩૫૨૧૧   રેસીડંસ ફોન : ૩૩૨૦૮૯

# વિશ્વ ધર્મ પરિષદ્‌ના

( ચિકાગો )

જૈનધર્મના પ્રતિનિધિ



## શ્રી વીરચંદ રાઘવજી ગાંધી

અમેરિકામાં

**શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ**

ભારત વિષે આપેલા પ્રવચનોના જીવંત દસ્તાવેજ




**હિંદુસ્તાન વિષે પ્રવચનો**

(૧) હિંદુસ્તાનનું પ્રાચીન સાહિત્ય

(૨) હિંદુઓનું પૂર્વજીવન

(૩) હિંદુસ્તાનમાં સ્ત્રીઓનું સ્થાન

(૪) હિંદુસ્તાનની લગ્ન પ્રણાલી

(૫) ૨૮ કરોડ હિંદુઓના સામાજિક રિવાજો

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના વિદેશી અનુયાયીઓ

( લેખક : પન્નાલાલ રસીકલાલ શાહ )

[ શ્રી વીરચંદભાઇ ગાંધીએ અમેરિકા જઈ માત્ર ભાષણો જ નહોતા કર્યાં. તેથી વિશેષ પણ રચનાત્મક કાર્ય કર્યું હતું અનાર્ય ગણાતા દેશમાં તેમણે હજારો અંગ્રેજોને જૈન ધર્મમાં રસ લેતા કર્યા હતાં. આપણી પાઠશાળાઓ જેવા ધાર્મિક વર્ગો શરૂ કર્યાં હતાં. અને એમાં ઘણાં અંગ્રેજો જૈન ધર્મનો અભ્યાસ કરતાં હતાં. તેમાંના કેટલાક તો શ્રી ગાંધીના ચુસ્ત શિષ્યો હતાં. તેમ કરી શ્રી ગાંધી ગૃહસ્થ ગુરુ પણ બન્યા હતાં.

સ્વામી વિવેકાનંદના ભારતીય શિષ્યોની જેમ તેમનું વિદેશમાં પ્રચાર કાર્ય આજ સુધી ચાલુ રાખી હિંદુ ધર્મને વિદેશમાં જીવંત રાખ્યો છે, તેમ જો આપણે પણ શ્રી ગાંધીનું એ પ્રચાર કાર્ય ચાલુ રાખ્યું હોત તો આપણે પણ આજે વિદેશોમાં જૈન ધર્મનો વિજયધ્વજ ફરકતો રાખી શકયા હોત.

આજની ઘડીએ આ લેખ વાંચી તેમનું એ મહાન કાર્ય ફરી ચાલુ કરીશું તો શ્રી ગાંધીની જન્મ શતાબ્દિએ સાચું તર્પણ કર્યું લેખાશે. —સંપાદક. ]

શ્રી વીરચંદભાઇ ગાંધી વિદેશમાં ધર્મ પ્રચારાર્થે ગયા હતા. પરંતુ તેઓ સ્વમતાગ્રહી ન હતા. 'મારો ધર્મ જ સાચો છે' એવા આગ્રહને વશ થવાને બદલે, સમસ્ત જૈન સમાજના ગુરુ પૂ૦ આત્મારામજી મહારાજના '**जो सच्चा वह मेरा**' આદર્શને લક્ષમાં રાખી, શ્રી વીરચંદભાઈએ માત્ર જૈન-ધર્મને અનુલક્ષીને નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, એના આદર્શોને લક્ષમાં રાખી એમણે કાર્ય કર્યું. આ એમની સફળ-તાની ચાવી છે, અને આજ કારણથી તેઓ વિદેશીઓના હૃદયમાં વસી ગયા. એમના મુખ્ય અનુયાયીઓમાં (૧) શ્રી હર્બર્ટ વોરન, (૨) મીસીસ હાર્વર્ડ અને પ્રશંસકો અને સહાયકોમાં (૧)

પ્રેસીડન્ટ ચાર્લ્સ સી. સી. બોની, (ચિકાગો વિશ્વ ધર્મ પરિષદના પ્રમુખ) અને (૨) ડૉ. જોન હેનરી (મંત્રી) બરોઝ, અને (૩) વીલીયમ પાઇપ (મંત્રી) હતા. એ બધાનો પરિચય આપણે કરીએ.

## ૧. હર્બર્ટ વોરન.

'સાદું જીવન અને ઉચ્ચ આદર્શ' 'Plain living and high thinking' ના સૂત્રને અમલમાં મૂકનારા બહુ જજ પ્રમાણમાં હશે. શ્રી હર્બર્ટ વોરન એક એવી વ્યક્તિ હતા. તેઓને, જૈન ધર્મના અનુયાયીઓ માટે એક 'આદર્શ જૈન' ના ઉદાહરણરૂપ ગણાવી શકાય.

જૈન ધર્મના દૃઢ સંસ્કાર શ્રી વીરચંદભાઈ તરફથી એમને મળ્યા હતા. તેઓ એક અંગ્રેજ ગૃહસ્થ હતા. શ્રી વીરચંદભાઈના હસ્તદીક્ષિત શિષ્ય હતા. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ લખે છે, તેમ, " માંસાહારનો સર્વથા ત્યાગ, જૈન વ્રતોનું મર્યાદાપૂર્ણ સત્ય રીતે અંતઃકરણપૂર્વક ગ્રહણ, જૈન તત્ત્વજ્ઞાનમાં સંપૂર્ણ અને તર્કયુક્ત શ્રદ્ધા, સ્વાધ્યાય મગ્નતા વગેરે સર્વ ગુણોનું મિશ્રણ એક અંગ્રેજ ગૃહસ્થમાં જોવું એ ખરેખર આનંદદાયક બનાવ છે. "

શ્રી વીરચંદભાઈએ ઇંગ્લેંડમાં 'Philosophical Society' સંસ્થા સ્થાપી હતી, આ સંસ્થા દ્વારા, એમણે જૈન ધર્મ અને હિન્દુ યોગ તેમ જ બૌદ્ધ તત્ત્વજ્ઞાન વિષે તુલનાત્મક જ્ઞાન આપી શકાય, એ માટે વર્ગો ચલાવ્યા હતા. ત્યારે શ્રી હર્બર્ટ વોરન એમના એક વિદ્યાર્થી હતા. તેમણે ત્યારથી શ્રી વીરચંદભાઈના પ્રવચનોની નોંધ લઈ રાખી હતી અને આ રીતે જેટલું શ્રવણ કર્યું એ જ શ્રી વોરનને જૈન ધર્મમાં શ્રદ્ધાશીલ રાખવા માટે સમર્થ હતું.

તેઓ અભ્યાસી હોવા ઉપરાંત એક જિજ્ઞાસુ વિદ્યાર્થી હતા. શ્રી વીરચંદભાઈના વિદાયવલય પછી ઇંગ્લેંડની સંસ્થા બંધ થઈ પરંતુ જ્યારે આ ગૃહસ્થને કોઈપણ બાબત મનનું સમાધાન ન થતું, ત્યારે એમણે જૈન ધર્મના ભારતીય તત્ત્વજ્ઞો સાથે પત્ર વ્યવહાર કરી, પોતાની શંકાઓનું સમાધાન કર્યું હતું, શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડના અંકોમાં એમણે કરેલા પત્રવ્યવહારમાંના પ્રશ્નો અને અપાયેલા પ્રત્યુત્તરો પ્રગટ થયેલ છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે એ બધા જ અંકો ઉપલબ્ધ નથી. એમણે પંડિત લાલન, શ્રી હીરાલાલ ઝવેરી, શ્રી ગોવિંદજી મુલજી મહેવાણી, શ્રી મકનજી જૂઠાભાઈ મહેતા સાથે પત્ર વ્યવહાર હતો.

જૈન ધર્મના સંસ્કાર એમનામાં કેટલાં તાજા, સુદૃઢ અને બલવત્તર હતા એ તો એમના ' Jainism ' વિષેનો ટૂંકો લેખ, તેમજ ત્યારબાદ એમણે શ્રી વીરચંદભાઇના પ્રવચનોની નોંધ પરથી લખેલ ' Jainism ' પુસ્તક પરથી ખ્યાલ આવે છે. આ પુસ્તક જૈન અને પાશ્ચાત્ય વિદ્વાનોના મત લઇ પ્રમાણભૂત તરીકે સ્વીકારાયું છે અને પંડિત લાલનના પણ આ પુસ્તક પ્રકાશન માટે આશિર્વચન મળ્યા છે. આ પુસ્તક Central Publishing House–Arrah દ્વારા પ્રગટ થયું છે. શ્રી હર્બર્ટ વૉરને આ પુસ્તક એમના ગુરુ–શ્રી વીરચંદભાઇને સમપર્ણ કરતાં લખ્યું છે કે, " જે મને મારા ગુરુએ આપ્યું છે તે રજૂ કરું છું. "

એમના ગુરુએ બતાવેલા જૈન ધર્મના આદર્શોને પોતાના દેશબાંધવો કેમ સમજી શકે અને જૈન ધર્મનો પ્રચાર કેમ વધુને વધુ થાય એ જોવા તેઓ હંમેશા આતુર હતા. પોતાની આ મહેચ્છા પાર પાડવા, એમણે લંડનમાં " જૈન લિટરેચર સોસાયટી " નામની અતિ ઉપયોગી સંસ્થાની સ્થાપના કરી હતી. તેમણે આ સંસ્થાના માનાર્હ મંત્રી તરીકે ખૂબ જ ઉત્સાહથી કાર્ય કર્યું હતું. એ સંસ્થા દ્વારા એમણે અંગ્રેજ વિદ્વાનોના હાથે સંશોધિત અને વિવેચનાત્મક જૈન ગ્રંથો અંગ્રેજી ભાષામાં તૈયાર કરાવી પ્રગટ કરવાનું કાર્ય હાથ ધર્યું હતું અને જૈન સાહિત્ય વધુને વધુ લોકોના હાથમાં જાય એ માટે સતુત્ય પ્રયાસો કર્યા હતા. ' જૈન જીવન ' અમલમાં મૂકી શકાય એ માટે એમણે ' Mahavira Brotherhood ' અથવા ' Universal Faternity ' નામની સંસ્થા સ્થાપી હતી. આ સંસ્થાના મંત્રી તરીકે શ્રી ગોર્ડનની તેમણે નિમણૂક કરી હતી. અન્ય સભ્યોમાં મીસીસ એ. ગોર્ડન અને L. D. Saintier હતા.

## ૨. મીસીસ હાર્વર્ડ.

જેમ સ્વામી વિવેકાનંદની શિષ્યા ભગિની નિવેદીતા હતા, તેમ શ્રી વીરચંદભાઇના હસ્તદીક્ષિત મીસીસ હાર્વર્ડ હતા.

મીસીસ હાર્વર્ડ વિષે જો કે કશી જ માહિતી ઉપલબ્ધ ન જ હોત, પરંતુ શ્રી ગુલાબચંદજી ઢઢા એ રાખેલ નોંધ પરથી પણ એમનો સાધારણ પરિચય મળે છે, ત્યારે ખ્યાલ આવે છે કે રોજનીશીનું મહત્ત્વ કેટલું છે, એના પ્રકાશનની આવશ્યકતા કેટલી છે અને અત્યાર સુધી આપણે એ તરફ કેટલું દુર્લક્ષ સેવ્યું છે !

શ્રી ગુલાબચંદજી ઢઢા લખે છે તેમ, અજમેરમાં ' ધર્મ મહોત્સવ ' માં શ્રી વીરચંદભાઇનો મેળાપ થયો.

બન્નેને જૈન ધર્મની રજૂઆત માટે મહોત્સવના મંત્રી તરફથી નિમંત્રણ મળ્યું હતું. આ મુલાકાતમાં શ્રી વીરચંદભાઇએ ચિકાગો વિશ્વધર્મ પરિષદની અને અમેરિકામાં પોતાના પ્રયાસોની વાત કરતા એક તસ્વીર બતાવી, જેમાં એક અમેરિકન બહેન સામાયિક કરતા હતા. જૈનાચાર પ્રમાણે બધા જ ઉપકરણો, કટાસણુ, સ્થાપનાચાર્ય મુહપત્તિ વગેરે બધું જ વ્યવસ્થિત નજરે પડતું હતું. હાથમાં માળા હતી. આ તસ્વીર ઘણું કરીને, મીસીસ હાર્વર્ડની હતી. આ અમેરિકન બહેનનો પત્ર પણ શ્રી વીરચંદભાઇએ દેખાડયો હતો, જેમાં એ બહેનને પૂર્વભવનું જ્ઞાન–જાતિસ્મરણજ્ઞાન થયું હતું એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ હતો અને પોતાના ભારતમાંના પૂર્વભવની કેટલીક વાતો એ બહેને લખી હતી. અતિ ખેદની વાત એ છે કે આ પત્ર હજુ મળ્યો નથી. જૈન સાહિત્ય અને ઇતિહાસ માટે જહેમત ઊઠાવતાં સંશોધકો, 'આપણે પૂરતી જાળવણી રાખી નથી' અને આપણી બેદરકારી તેમજ ઉપેક્ષાવૃત્તિ અંગે ટીકા કરે છે, એ શ્રી વીરચંદભાઈ તો તદ્દન નજીકના ભૂતકાળની વ્યક્તિ હોવાં છતાં આવી પરિસ્થિતિ છે એ દૃષ્ટિએ તદ્દન યોગ્ય છે. ઇતિહાસના ઊંડાણમાં સંશોધન માટે જનારની શી પરિસ્થિતિ હશે એ તો કલ્પના કરવાની જ રહે.

શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ સંભવતઃ મીસીસ હાર્વર્ડનો ફોટો હતો એમ લખ્યું છે એટલે કદાચ ઘડીભર માની લઇએ કે એ બાબત મીસીસ હાર્વર્ડને લગતી ન હતી તો પણ એક અમેરિકન બહેન જૈન ધર્મને સંપૂર્ણપણે અનુસરનાર તેમજ પૂર્વભવનું જ્ઞાન ધરાવનાર હતા, એ શ્રી વીરચંદભાઈને જેમ ગૌરવ આપનારી બાબત છે, તેમ જૈન સમાજને માટે પણ ગૌરવપ્રદ છે.

શ્રી વીરચંદભાઇએ અમેરિકામાં રહીને અને ખાસ કરીને ચિકાગોમાં જે વ્યાખ્યાનો આપ્યા, એને માટેની બધી જ સગવડતા આ અમેરિકન બહેને કરી હતી, જે એ વખતે પ્રગટ થયેલા પોરટરો પરથી સમજી શકાય છે. આવા પોસ્ટર્સ અને હેન્ડબીલોની નકલો "જૈનાચાર્ય આત્માનંદ જન્મ શતાબ્દિ ગ્રંથ" માં છપાયેલી છે.

"International Society For the Education of Woman in India" નામની સંસ્થાની સ્થાપના અમેરિકામાં થઇ હતી, જેના મંત્રી મીસીસ હાર્વર્ડ હતા. આ સંસ્થાના ખર્ચે ત્રણ ભારતીય બહેનોને વિદેશમાં અભ્યાસાર્થે શ્રી વીરચંદભાઈના પ્રયાસોથી મોકલવામાં આવ્યા હતા. આ સંસ્થાનો ઉદ્દેશ ભારતીય સ્ત્રીઓ આધુનિક કેળવણી લઈ પોતાની પૂર્વકાલીન સ્થિતિ–મૈત્રીથી, સાવિત્ર

અને દમયંતીના જેવું સ્થાન સમાજમાં મેળવે, એ હતો.

### ૩. પ્રેસીડન્ટ ચાર્લ્સ સી. બોની.

ચિકાગો વિશ્વધર્મ પરિષદનો આદર્શ, કલ્પના વ્યવસ્થા અને એની સફળતા આ વ્યક્તિને આભારી હતી. એમણે સને ૧૮૮૯ માં આ યોજનાની કલ્પના કરી અને મૂર્તસ્વરૂપ આપ્યું. ચિકાગો વિશ્વધર્મ પરિષદના તેઓ પ્રમુખ હતા.

શ્રી વીરચંદભાઈ સાથે તેઓ ગાઢ પરિચયમાં હતા, અને ભારત માટે

**વિશ્વધર્મ પરિષદ્‌ના પ્રણેતા.**



પ્રેસીડન્ટ સી. સી. બોની.

એમને, ખૂબ જ લાગણી તેમજ સહાનુભૂતિ હતી. સને ૧૮૯૬-૯૭ માં ભારતમાં જ્યારે દુકાળ પડયો ત્યારે શ્રી વીરચંદભાઈએ અમેરિકામાં દુકાળ રાહત સમિતિની સ્થાપના કરી અને પ્રેસીડન્ટ સી. સી. બોનીનો એ સમિતિના પ્રમુખ તરીકે સહકાર લીધો અને પોતે મંત્રી તરીકે રહ્યા. આ સમિતિ દ્વારા તાત્કાલિક રાહત માટે અનાજ ભરેલું વહાન રવાના થયું અને લગભગ રૂા. ૪૦,૦૦૦) દેશના જુદા જુદા ભાગોમાં મોકલવામાં આવ્યા. આવી હતી એમની યશસ્વી કાર્યવાહી!

### ૪. ડૉ. જોન હેનરી બરોઝ.

ડૉ. જોન હેનરી બરોઝ ચિકાગો વિશ્વધર્મ પરિષદ, ૧૮૯૩ ના મંત્રી હતા અને એ પરિષદમાં શ્રી વીરચંદ-

**વિશ્વધર્મ પરિષદ્‌ના મંત્રી**



જહોન હેનરી બરોઝ

ભાઈએ હિન્દુધર્મનો શૂરવીરતાથી બચાવ કર્યો અને પરિષદની ચર્ચાનું ધોરણ

જાળવી રાખ્યું તેમજ જૈનધર્મની એમની રજૂઆતથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

શ્રી વીરચંદભાઈ ધર્મ પરિષદની પૂર્ણાહૂતિ બાદ વિદેશમાં ધર્મ પ્રચારાર્થે રહેવાના હતા, ત્યારે ચિકાગો વિશ્વધર્મ પરિષદના આ મંત્રીએ એમને રહેવા માટે પોતાનું નિવાસસ્થાન ખાલી કરી આપ્યું હતું. આવી હતી એમની લોકપ્રિયતા !

**૫. વિલિયમ પાઈપ.**

ચિકાગો વિશ્વધર્મ પરિષદના તેઓ ડૉ. જોન હેનરી બરોઝ સાથે સહમંત્રી હતા, અને શ્રી વીરચંદભાઈની પ્રવૃત્તિઓના પ્રશંસક હતા. પોતાના દેશમાં સત્ય ધર્મનો પ્રચાર કેમ થાય એ માટે શ્રી વીરચંદભાઈને હંમેશા સહાયભૂત થવા પ્રયત્ન કરતા.

અમેરિકામાં School of oriental Philosophy અને Esoteric Studies ના વર્ગો શ્રી વીરચંદભાઈ વિલયમ પાઈપની જાત દેખરેખ નીચે ચલાવતા હતા, આ રીતે શ્રી વીરચંદભાઈના અમેરિકાના પ્રવાસમાં તેઓ મદદગાર રહ્યા હતા.

ધન્ય છે આવા નરવીરને ! જેનો જન્મશતાબ્દિ દિન આ માસની ૨૫ મી એ છે ત્યારે એમને યાદ કરી, એમની સ્મૃતિ ગૌરવ ભરી રીતે રાખીએ એજ અભ્યર્થના !

**શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની જન્મ શતાબ્દિ પ્રસંગે—**

શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ. અને તેઓશ્રીના સ્મારક માટે જૈન સમાજ યોગ્ય પ્રબંધ કરે તેવો શુભ અનુરોધ કરીએ છીએ.

**—અમરચંદ કરમચંદ સંઘવી**
**દૂધના દલાલ**

અમારે ત્યાં કટલરી, એમ્બ્રોડરી અને જરીમાલ વગેરે જથ્થાબંધ તથા છુટક મળશે. અમારા સ્ટોર્સની જરૂર મુલાકાત લો.

**સંઘવી નોવેલ્ટી સ્ટોર્સ,**

નં. ૧, ત્રીજો ભોયવાડો, મુંબઈ ૨. B. R.

# હા પસ્તાવો
# વિપુલ ઝરણું
# સ્વર્ગથી ઉતર્યું છે....

## ( પૂ. આત્મારામજી મ. નો શ્રી સંઘને પત્ર )

કોઈપણ માણસને એની ભૂલ બતાવશો તો એ સ્વીકારશે નહીં. એ સ્વભાવોક્તિ છે. જ્યારે સમાજ કે સંસ્કૃતિનો દોષ બતાવવો એ તો એનો રોષ વહોરી લેવા જેવું થાય, ખતરનાક ગણાય. આજથી ૭૦ વર્ષ પહેલાં સ્વનામધન્ય **શ્રી વીરચંદભાઈ** ગાંધી વિદેશમાં ભારતીય સંસ્કૃતિના પ્રસારાર્થે ગયા, ત્યારે એમણે "Three Fundamental Errors in occidental Philosophy" વિષે પ્રવચન Sunrise Club નામની સભા સમક્ષ આપ્યું, એ અંગે શ્રી વીરચંદભાઈ તા. ૧૦ મે, ૧૮૯૮ ના શ્રી મગનલાલ દલપતરામ પરના પત્રમાં લખે છે કે, **"લોકોને તેમની ભૂલ બતાવવી અને તેનું ખંડન કરવું એ સૂતા સાપને જગાડવા જેવું છે છતાં Suytise Club ના મેમ્બરો મારા ભાષણથી ખુશ થયા છે."** અરે, એમના ભાષણને ન્યાયયુક્ત ગણવામાં આવ્યું. કેટલી ખેલદીલી ! કેવી વિશાળતા !! સત્ય વસ્તુના સ્વીકારમાં છે જરાય આનાકાની ? !

જ્યારે ભારતમાં.........

જ્યારે શ્રી વીરચંદભાઇ વિદેશમાં જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિની વિજયપતાકા ફરકાવી ભારતમાં–સ્વદેશમાં પાછા ફર્યા ત્યારે ?

ત્યારે બુદ્ધિવર્ધક સભા, અને આર્યસમાજના ઉપક્રમે મળેલી સભાઓમાં આપણા જ જૈન ભાઇઓએ ધાંધલ મચાવ્યું, ખુરશીઓ ઉછાળી, 'શ્રી વીરચંદભાઇને જ્ઞાતિ બહાર મૂકો.' 'શ્રી ગાંધીને પ્રાયશ્ચિત આપો' એવા પોકારો કર્યા ! કેટલું સંકુચિત માનસ કેવો વિરોધાભાસ !!!

**પૂ. આત્મારામજી મહારાજને પ્રાયશ્ચિત સંબંધી મુંબઈના જૈન સંઘના આગેવાનોએ લખ્યું એના પ્રત્યુત્તરમાં પૂ૦ આત્મારાજી મહારાજે જે દલીલો કરી** એ તો અત્રે રજૂ કરેલ પત્ર જ બોલશે, પરંતુ આજે કંઈ પણ કહેવાનું **હોય** તો એટલું જ કે એ સમયમાં કેટલીય મુસીબતો હોવા છતાં જે કામ

શ્રી વીરચંદભાઇએ કર્યું એની કાયમી પુણ્ય સ્મૃતિ જાળવવા આપણે સક્રિય થઇએ. **એ વખતના નાનકડા વર્ગે કરેલ અન્યાયનું આ રીતે પ્રાયશ્ચિત લઇએ એ જ અભ્યર્થના!**

**—સંપાદક**

સ્વસ્તિ શ્રી મુંબઈ બંદરે સકલ શ્રી સંઘ જયવંત વર્તો,

અંબાલાથી લિ. મુનિ આત્મારામજી કે તર્ફસે ધર્મલાભ વાંચના. યહાં સુખ સાતા હૈ ધર્મ ધ્યાન કરનેમેં ઉદ્યમ રખના. આગે શ્રી સકળ સંઘ કે તરફસે પુણ્ય પ્રભાવક દેવગુરુ ભકિતકારક શા. મોતીચંદ હર્ષચંદજી તથા શા. ફકીરચંદ પ્રેમચંદજી કા લિખા હુઆ પત્ર ૧ ભાદરવા સુદિ ૧૧ કે રોજ મુજકો મિલા હૈ સો વાંચકર સમાચાર સર્વ માલુમ કિયા હૈ. શ્રી સંઘકે તરફસે **શ્રાવક વીરચંદ રાઘવજીને** અમેરિકા દેશમેં જૈનધર્મ કે ઉપદેશ કરને વાસ્તે ગયા થા સો લગભગ દો વર્ષ તક અમેરિકામેં જૈનધર્મકા બોધ કરકે પાછા હિંદોસ્તાનમેં આયા હૈ તિસ વીરચંદ રાઘવજી કે તાંઈ પૂર્વોક્ત કામ કરનેસે ઔર આગબોટમેં બૈઠકે અનાર્ય દેશમેં જાનેસે ક્યા પ્રાયશ્ચિત (દંડ) લેના ચાહિયે?

**મૈં બહોત નમ્રતાપૂર્વક શ્રી સંઘકો લિખતા** હૂં કિ શ્રી જૈન મત કે શાસ્ત્રોંમેં જો કોઇ જ્ઞાન દર્શન ચારિત્રમેં તથા અપને કરે હુએ વ્રત નિયમોંમેં દૂષણ લગાવે તો તિસકોં પ્રાયશ્ચિત કરના લિખા હૈ સો તો **મુંબઇકે શ્રી સંઘને કિસીભી દૂષણકા નામ નહીં લિખા હૈ તો મૈં કિસ દૂષણકા ઇનકોં પ્રાયશ્ચિત દેવું?**

તથા યહાં વીરચંદ રાઘવજીકોં હમને પૂછા કિ તુમને અમેરિકાની મુસાફરીમેં અપને કિસીભી વ્રત નિયમમેં દૂષણ લગાયા હોવે તો તુમ તિસકી આલોયણા કરકે પ્રાયશ્ચિત લે લેવો. **તબ શ્રી વીરચંદ રાઘવજીને કહા કિ મૈને અપને કિસીભી વ્રત નિયમમેં અમેરિકાકી મુસાફરીમેં દૂષણ નહીં લગાયા હૈ—અબ શ્રી સંઘકો વિચારના ચાહિયે કિ મૈં શ્રી સંઘકો કિસ દૂષણકા પ્રાયશ્ચિત લિખ ભેજું?**

જેકર શ્રી સંઘકા ઐસા વિચાર હોવે કિ શ્રી વીરચંદજીને કદાપિ દૂષણ સેવન નહીં કરા હોવેગા તો ભી ઇસકો કોઇ પ્રાયશ્ચિત દેના ચાહિયે.

ઇસકા ઉત્તર—**શ્રી નિશીથસૂત્રમેં લિખા હૈ કિ જો વિના દૂષણ કે પ્રાયશ્ચિત દેવે તો પ્રાયશ્ચિત દેનેવાલેકોં પ્રાયશ્ચિત લેના પડતા હૈ** ઔર સો પ્રાયશ્ચિત દેનેવાલા જીનરાજકી આજ્ઞાકા ભંગ કરનેવાલા હોતા હૈ તથા જબ તક દૂષણ સેવનેવાલા અપના દૂષણ કબૂલ ન કરે તબ તક કેવળજ્ઞાની ભી તિસ દૂષણવાલેકોં પ્રાયશ્ચિત નહીં દેતે હૈ **યહ અધિકાર લક્ષ્મણા સાધવી કે વિષયમેં શ્રી મહાનિશીથ સૂત્રમેં હૈ**

**જબ દૂષણ કબૂલ કરે વિના**

**પ્રત્યક્ષ દૂષણકે જાણનેવાલે કેવલ-જ્ઞાની ભી પ્રાયશ્ચિત નહીં દેતે હૈ તો મૈં છદ્મસ્થ અલ્પમતિ કિસ રીતિસેં પ્રાયશ્ચિત દે શકું ?**

જેકર—શ્રી સંઘકા ઐસા વિચાર હોવે કિ **આગબોટમેં** બૈઠકે અનાર્ય દેશમેં જાનેસે અવસ્ય પ્રાયશ્ચિત લેના ચાહિયે—

ઇસકા ઉત્તર—ઐસા કથન તો હમૈંને કિસીભી જૈન શાસ્ત્રમેં નહીં દેખા હૈ તો ફેર શ્રી જીનાજ્ઞાકો ઉલ્લંઘન કરકે મૈં કિસ તરેં પ્રાયશ્ચિત દેવું ?

જેકર—શ્રી સંઘકી ઐસી ઇચ્છા હોવે કિ શ્રી વીરચંદજીને દૂષણ સેવ્યા હોવે અથવા ન સેવ્યા હોવે તો ભી તિસકોં કુછ પ્રાયશ્ચિત લેના ચાહિયે—

ઇસકા ઉત્તર—**જો જીનરાજકી આજ્ઞાસે યુક્ત હૈ સોહી સંઘ હૈ ઔર શેષ શ્રી જીનાજ્ઞા બાહિર જો સંઘ કહાવે હૈ સો હાડકાંકા સંઘ હૈ નતુ શ્રી જીનરાજકા સંઘ** યહ કથન આવસ્યક સૂત્રમેં હૈ—

જેકર શ્રી સંઘ ઐસેં કહે કિ હમ પ્રાયશ્ચિત તો નહી દેતે હૈ પરંતુ શ્રી સંઘકી આજ્ઞાસેં વીરચંદ રાઘવજી શ્રી શત્રુંજ્ય તીર્થકી યાત્રા કરે તો શ્રી સંઘ બહુત આનંદિત હોવે—ઐસી આજ્ઞા શ્રી સંઘકી માનનેસેં શ્રી વીરચંદ રાઘવજીકી કુછ હાનિ નહી હૈ.

વિશેષ તહાં (મુંબાઇમે) મુનિરાજ મહારાજશ્રી મોહનલાલજી મહારાજજી બિરાજમાન હૈ વે ભી ભવભિરુ ઔર શ્રી જીનાજ્ઞા કે ભંગસે ડરનેવાલે હૈ ઇસ વાસ્તે તિનકી ભી સમ્મતિ લેની ચાહિયે, તથા અન્ય કોઇ મહાવ્રતધારી ગીતાર્થસે પૂછ લેના.

અબ મૈં બહુત નમ્રતાસેં શ્રી સંઘસે વિનતી કરતા હું કિ જો કુછ જીનાજ્ઞા વિરુદ્ધ અયોગ્ય લિખાણ કરા હોવે સો સર્વશ્રી સંઘ મુજકો માફ કરેં. ઇતિ—કલ્યાણ હોવે શ્રી સકળ સંઘકો. સંવત ૧૯૫૧ ભાદરવા સુદિ ૧૩ સોમવાર,

દા. **વલ્લભવિજયના**

સહી **આત્મારામકી** સ્વહસ્તાક્ષર

---

**નોંધઃ**—[આ પત્ર 'શ્રી વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ' માં પૃષ્ઠ ૩૬-૪૦ પાન પર પ્રગટ થયેલ છે,

—**લેખક**]

અહિંસાના અમર સંદેશવાહક વિશ્વધર્મ પરિષદના પ્રતિનિધિ
યુરોપ–અમેરિકામાં લાડીલા, પ્રખર પ્રચારક

# શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું

## જૈન સમાજે કરેલું

# સન્માન.

અનુવાદક : **પન્નાલાલ રસીકલાલ શાહ**

સને ૧૮૯૫ માં શ્રી વીરચંદભાઈ સ્વદેશ આવ્યા બાદ છ માસમાં જ અમેરિકામાં જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિ વિષે વિસ્તૃત પરિચય આપવા માટે નિમંત્રણ મળ્યું. બીજી વખત ધર્મપત્ની સાથે તેઓ અમેરિકા જતા હતા, ત્યારે જૈન સમાજના એ વખતના આગેવાન અને દાનવીર શેઠશ્રી પ્રેમચંદ રાયચંદના પ્રમુખસ્થાને શ્રી માંગરોળ જૈન સંગીત મંડળીએ આપેલ માનપત્રનો અનુવાદ અત્રે રજૂ કર્યો છે, જે એમના કાર્ય પ્રત્યે લોકલાગણીનો ખ્યાલ આપશે.

—અનુવાદક

**શ્રી વીરચંદ રાઘવજી ગાંધી**, બી. એ.
મેમ્બર ઓફ ધી રોયલ એશીએટીક સોસાયટી,
મંત્રી, શ્રી જૈન એસોસીએશન ઓફ ઇંડિયા,
પ્રમુખ, હેમચંદ્રાચાર્ય વર્ગ
**મુંબઈ.**

**સ્નેહી ભાઇશ્રી :**

શ્રી માંગરોળ જૈન સંગીત મંડળીના સભાસદો આપની બહુમૂલ્ય સેવા અને પ્રસંગોપાત માર્ગદર્શન તેમજ જૈન સમાજના ગૂંચવણ ભરેલા પ્રશ્નો ઉકેલવામાં અને આપણા પવિત્ર તીર્થો સાથે સંકળાયેલા કાયદાઓમાં આપે જે અમૂલ્ય સેવા અર્પી છે એની જાહેરમાં અનુમોદના કરવા તેમજ આપના પરત્વેની ઉચ્ચ લાગણીને વ્યક્ત કરવા અમે સમુચ્ચિત થયા છીએ.

સને ૧૮૯૩ માં ચિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મના પીઢ પ્રતિનિધ તરીકે આપણા ધર્મના તત્ત્વો અને રહસ્યનો નિર્દેશ કરવા આપ અમેરિકા ગયા હતા, ત્યાં ફરીથી જવા માટે ફક્ત આવતી કાલે જ આપની યાત્રા શરુ થવાની હોઈ આ પ્રસંગનું

પ્રયોજન આટલું જલ્દી કરવું પડયું છે. અમારા માટે એ વસ્તુ સંતોષ અને ગૌરવની છે કે યુરોપ અને અમેરિકાના આગળ પડતાં તત્ત્વજ્ઞાનીએ અને વિદ્યામાં નિપુણ પુરુષોની સાથે સ્પર્ધા કરી શકે એવા ભારતના પ્રતિનિધિઓમાંથી માત્ર આપને જ એકગ્ર ચિત્તથી સાંભળી તેઓએ યોગ્ય પ્રશંસા કરી.

ખરીરીતે તો વિશ્વધર્મ પરિષદની પૂર્ણાહૂતિ બાદ જ આપના ખરા કામનો પ્રારંભ થયો. કારણ, ભિન્ન ભિન્ન વિચારો અને સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ, એસોસીએશનો, યુનિયનો અને કલબોના આમંત્રણ અને પ્રાર્થનાથી પ્રેરિત થઇ આપે ત્યાં થોડો વધુ વખત રહેવાનું પસંદ કર્યું. વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપી આપે આ ટૂંકા સમયનો સદુપયોગ કર્યો. જૈન ધર્મના આદર્શો, અરે,-અમુક પ્રસંગોએ જ્યારે સમસ્ત ભારતનું પ્રતિનિધિત્વ કરવાની ફરજ આવી પડી ત્યારે ભારતીય તત્ત્વજ્ઞાન, ભારતીય રીતરિવાજો અને તેનો ઇતિહાસ, નીતિમત્તા વગેરે બાબતો વિષે પ્રવર્તતા ખોટા ખ્યાલો અને વહેમો દૂર કરી, સત્ય હકીકત તેમની સમક્ષ રજૂ કરી સ્વદેશાગમન પછી પણ આપે .અમેરિકાની શૈક્ષણિક પ્રથા, એ લોકોના રીતરિવાજો વગેરે વિષયો પર અમને માર્ગદર્શન આપવાની એક પણ તક ગુમાવી નથી. આપણો ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસ પ્રત્યે રુચિ પ્રગટ કરવામાં આપની જહેમત સફળ નીવડી છે, અને હેમચંદ્રાચાર્ય વર્ગની સ્થાપના પણ એનું સીધું પરિણામ છે.

આપના જેવી શક્તિશાળી, વિદ્વાન વ્યક્તિ બીજી વખત વિદેશ જાય એ વિચારથી હર્ષની લાગણી અનુભવવા સાથે આપનાથી વિખૂટા પડવાનું અમને દુઃખ છે. છતાં અમને એક આશ્વાસન છે કે આથી અમારા અમેરિકાના ભાઇઓ, બહેનોને અમૂલ્ય લાભ થશે.

મીસીસીપીની પેલે પાર વસતા અમારા અમેરિકાના બંધુઓ, જેઓ આપના પ્રવચનોનો લાભ લઈ શકયા ન હતા, તેઓને આપની પુનઃ મુસાફરીના શુભ સમાચારથી અતિ આનંદ થશે. આપના નામ સાથે તત્ત્વ સંશોધક સમાજની સ્થાપના કરી આપની સેવાનું મૂલ્ય સમજનાર, પૌર્વાત્ય તત્ત્વજ્ઞાનના ખંતીલા અભ્યાસી ભાઇઓને જરૂર લાભ થશે. એ પણ એક એક માન અને આનંદની વાત છે કે આપના પવિત્ર ધર્મપત્ની આપની સાથે જ આવે છે, જે આપને સહાયભૂત થશે અને અમારા અમેરિકાના બહેનોને આર્ય મહિલાઓની ફરજો, ગુણો અને સ્વભાવનું દર્શન કરાવશે.

અંતમાં, આપની મુસાફરી આનંદદાયક નીવડો એવું અંતઃકરણપૂર્વક

ઇચ્છીએ છીએ. આપ જ્યાં વિચરો ત્યાં આપના પર આશિર્વચનોની વૃષ્ટિ થાય અને આપણા ઉમદા ધર્મના મહાન સિદ્ધાંતો સમજાવવામાં અને ફેલાવવામાં આપના પ્રયત્નો ફળીભૂત થાય એવી અમે પ્રાર્થના કરીએ છીએ, અને પૂર્વની તપોભૂમિની પ્રાચીન ઉજ્જવળ સ્થિતિનો પુનરુદ્ધાર, કે જેના માટે વિખ્યાત ફ્રેન્ચ લેખક વિકટર હ્યુગોએ ભવિષ્યવેત્તાના આવેશમાં રાખી હતી, તે અમેરિકાની ભૂમિમાં ખચિત થશે. ભારત અને અમેરિકા આજે ભૌતિક સુધારાથી થોડા ઘણા અંશે સંબંધમાં આવેલ છે તે આપણા આધ્યાત્મિક માર્ગથી વધારે નિકટ આવશે અને સ્થાયી ભ્રાતૃભાવમાં જોડાશે એવી આશા રાખીએ છીએ.

અમે એ દિવસની આતુરતા સાથે આશા રાખીએ છીએ કે જનસમૂહને મફત કેળવણી આપવાના પ્રશ્નનો યથાર્થ નિકાલ કરી અત્રે પુનઃ આવતાં આધુનિક કેળવણી માટે પ્રયત્નો કરશે. કારણ કેળવણી ઉપર જ આપણા દેશના ભાવિ-સુખનો આધાર છે.

મુંબઇ,
તા. ૨૦-૮-૧૮૯૬

**અમરચંદ તલકચંદ**
માનાર્હ મંત્રી

(સહી) **પ્રેમચંદ રાયચંદ**
સભાના પ્રમુખ.

(સહી) **મોતીચંદ દેવચંદ**
પ્રમુખ
શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી.


**૧૮૯૩**
**વિશ્વધર્મ પરિષદમાં**
**જૈન ધર્મનો**
**વિજય ડંકો ગજવનાર**
# શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની
**જન્મ શતાબ્દિએ**
**તેમને વંદન હો.**

**રતીલાલ જીવનલાલ ગાંધી**
**મુંબઈ.**

# શ્રી વીરચંદભાઈ ગાંધીના
# બે
# સંસ્મરણો.

અનુવાદક : ગુણવંત શાહ

[ આપણો જૈન સમાજ સાહિત્ય પ્રત્યે ખૂબ જ ઉદાસીન અને ઠંડો છે. તેના પરિણામે આપણે કંઈક આપણા જ જૈન જ્યોતિર્ધરોના જીવન વિષે ખૂબ જ સત્તાવાર એવું ઓછું જાણી શકીએ છીએ. લોકોક્તિ ઉપર જ આધારિત બની આપણે આપણા મહાપુરુષોના જીવન જાણીએ છીએ. પરિણામે ઘણીવાર જુઠ્ઠી માહિતીઓ પણ ભેળસેળ થઇ જાય છે.

શ્રી વીરચંદભાઈના સંપર્કમાં ઘણાં આવ્યાં હશે. ઘણાં ઉપર તેમને પત્રો પણ લખ્યાં હશે. પરંતુ તેમનાં સંપર્કમાં આવનાર ભાઇ-બેનોએ તેમના જીવન વિષે કંઇ જ નોંધ રાખી નથી. અને રાખી હોય તો સાચવી નથી. પત્રોની બાબતમાં પણ એવી જ બેદરકારી રખાઈ છે. પરિણામે શ્રી ગાંધીના જીવન કાર્ય વિષે બહુ જ ઓછું જાણી શકાય છે છતાંય જે થોડું ઘણું સચવાયું છે તેમાંથી ઉતારીને-ગુજરાતી અનુવાદ કરીને અત્રે રજૂ કરું છું.

—સંપાદક. ]

## હિપ્નોટીસ્ટ શ્રી ગાંધી.

શ્રી વીરચંદ ગાંધી ૧૯ મી સદીમાં જન્મ્યા હતાં ત્યારે હિંદુસ્તાનને ગુલામ બન્યે ૩૭ વરસ જ થયાં હતાં. ત્યારે આ દેશમાં એવા પણ કેટલાક માણસ હતાં જેમને ગુલામીનો સ્પર્શ પણ થયો ન હતો. ત્યારે તો અમેરિકાને ચર્ચા કરતાં તેમણે કહી દીધું કે જેના માટે કહેવામાં આવે છે તે વિદ્યાને જનમ આપનાર યુરોપ છે, જે હીપ્નોટીઝમ નામથી ઓળખાય છે.

અહાહા ! તે વખતે શ્રી વીરચંદ રાઘવજી ગાંધીથી લોકો કેટલા બધા પ્રભાવીત થયા હશે ! કે જ્યારે મેસોનિક ટેમ્પલમાં હીપ્નોટીઝમ ઉપર બોલતાં તેમણે કહ્યું કે બત્તીઓ બધી બંધ કરી દો અને માત્ર આછુ જ અજવાળું રહેવા દો. એમ થતાં જ સફેદ વસ્ત્રમાં પરિધાન થયેલા એ હિંદુસ્તાનીના દેહમાંથી એક તેજરાશિ ચમકવા

લાગી અને એમની સફેદ પાઘડી તો એવી તેજ ઝબકાર કરતી હતી કે જાણે ગાંધીની ચહેરા પાછળ કોઈ સૂરજ ચમકી રહ્યો છે !

આ તેજ દશ્ય જોઈ અમેરિકનોએ કહ્યું હતું કે અમે એ તેજ ઝીલી ન શકયા. અમારી આંખો એ દિવ્ય તેજથી અંજાઈ ગઈ. અરે ઘડીભર તો અમે બધા ભાવ સમાધિ અનુભવી રહ્યા !!

—મહાત્મા ભગવાનદીને લખેલ 'મેરે સાથી' પાન નં. ૧૨૫ ૧૨૭ પરથી ઉધ્ધૃત ને અનુવાદીત.

**અમેરિકન બેનને થયેલું જાતિસ્મરણ જ્ઞાન.**

"....અમેરિકાથી પાછા ફર્યા બાદ શ્રી ગાંધીની મુલાકાત મને અજમેરમાં થઈ. ત્યાં અમને બંનેને ભાષણ કરવા બોલાવ્યા હતા. આ પ્રસંગે શ્રી ગાંધીએ મને ચિકાગોના પોસ્ટ ખાતાના એક ઉચ્ચ અધિકારીનો પત્ર વંચાવ્યો. તેમાં લખ્યું હતું કે શ્રી **ગાંધીએ બતાવેલ વિધિ પ્રમાણે નવકાર મંત્રનો જાપ કરવાથી માથાનો દુઃખાવાનો જે જૂનો રોગ હતો તે દૂર થઇ ગયો હતો, પણ મને લાગે છે તેમાં કોઈ ભૂલ થઈ જવાથી તે દુઃખાવો ફરીથી શરૂ થયો છે. તો આ માટે ઘટતું કરશો."**

**" શ્રી ગાંધીએ એ ઉપરાંત મને એક અમેરિકન બેનનો ફોટો પણ બતાવ્યો. હુ ભૂલતો ન હોઉં તો એ મિસ હાવર્ડનો ફોટો હતો. તે ભારતીય રિવધાનમાં કટાસણા પર બેસી, સામે સ્થાપનાચાર્ય રાખી તેમજ હાથમાં મુહપત્તી રાખી સામયિક કરી રહી હતી. શ્રી ગાંધીએ મને તેની વધુ માહિતી આપતાં જણાવ્યું કે શ્રી વિજયાનંદસૂરિજીએ બતાવેલ વિધિ પ્રમાણે નવકાર મંત્રનો જાપ કરતાં એક મહિના પછી તેને પૂર્વભવનું જ્ઞાન-જાતિસ્મરણ જ્ઞાન-થયું હતું, અને તેણે હિંદુસ્તાનમાં પોતાનો પૂર્વભવ હતો તેની વાત કરી હતી......"**

—આત્માનંદ જન્મ શતાબ્દિ ગ્રંથમાંથી સ્વ. ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. ના અંગ્રેજી લેખ ઉપરથી પાન નં. ૧૭૨-૧૭૩.

# શ્રી વીરચંદભાઈની પત્ર-પ્રસાદી

સંપાદક : **પન્નાલાલ રસિકલાલ શાહ**

આપણે ત્યાં હજુ પત્ર સાહિત્યનું મૂલ્ય યથાર્થ રીતે આપણને સમજાયું નથી. કોઈ લેખક કે કવિએ કયા સંજોગોમાં કઈ વાર્તા કે કાવ્ય રચ્યું એની નોંધ જેમ ઉપયોગી અને રસપ્રદ નીવડે છે, જેમ કોઈ સામાજિક કાર્યકરના સ્વાનુભવો, સમાજ કાર્ય કરતાં પડતી મુસીબતોનું આલેખન અને એમાંથી કઈ રીતે માર્ગ કાઢ્યો વગેરે હકીકત જેમ પ્રેરણાદાયી નીવડે છે, તેમ પત્ર-વ્યવહાર પણ આવી વ્યક્તિઓના જીવન પ્રસંગો પૂરાં પાડે છે, એમની મુલાકાતોનો ઇતિહાસ આપે છે, એમણે કરેલી કાર્યવાહીનો ચિતાર આપે છે. બે મિત્રો વચ્ચે નિખાલસ પત્ર વ્યવહાર હોઈ, એમાં લખાતી બાબતો આત્મગૌરવ અર્થે નહીં, પરંતુ એક બીજાની પ્રવૃત્તિથી માહિતગાર કરવાના ઉદ્દેશથી જ આ રીતે પત્રો લખાતા હોય છે, અને એવા પત્રો જીવન ચરિત્ર-લખવામાં ખૂબ જ સહાયભૂત થાય છે. પરંતુ આવા પત્રોની જાળવણીનું મહત્ત્વ આપણે હજુ સુધી સમજ્યા નથી. શ્રી વીરચંદભાઈ સાથે કેટલાંય વિદ્વાનોને પત્ર-વ્યવહાર હતો, એમાંથી આજે ઉપલબ્ધ કેટલાં ?

શ્રી વિરચંદભાઇના ઉપલબ્ધ પત્રોમાં પણ એમને ભિન્ન ભિન્ન સ્થળે કરેલાં પ્રવચનો, લોકોમાં આદરપ્રિય કઈ રીતે થયાં એવી બાબતો અને વિદેશી લોકોના માનસનો ચિતાર આપતા લખાણો છે, એમને પડેલી મુસીબતો અને એમણે લીધેલી જહેમતનું પણ ધ્યાન છે. કેટલાક પત્રો તો એમના કાર્યનો ઉલ્લેખ બીજે ક્યાંય આધારભૂત રીતે ન મળવાથી, પુરાવારૂપે પણ બની રહે છે અને પૂ૦ આત્મારામજી મહારાજના પ્રેર્યા તેઓ અમેરિકામાં જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિના પ્રચારાર્થે મા ભારતીને ગૌરવાન્વિત કરવા કેટલાં ઉલ્લાસથી ઘૂમી રહ્યા હતા, તેનો કંઇક ખ્યાલ આપે છે.

વિદેશમાં પણ ચુસ્ત જૈન તરીકેનું એમનું જીવન હતું. ચુસ્ત વનસ્પત્યાહારી (જૈન શાકાહારી) તરીકે રહેવામાં એમને કેટલીક મુસીબતો પડી હતી. સ્ટીમરમાં જતાં પોતાના માટે રસોઈ બનાવવા જુદો ચૂલો રાખવા પરવાનગી લેવી, જુદો ચુલા દ્વારા જુદી રસોઇ બનાવી એ બાબતનું પ્રમાણપત્ર જહાજના કપ્તાન પાસેથી મેળવવું, કે જેથી બીજે

આવી સગવડતા મેળવવામાં અગવડતા ન પડે, આવાં પ્રમાણ પત્ર મેળવવા ભલામણ પત્ર લખાવવો વગેરે બાબતોની વિધિથી કેટલી મુસીબત એમને પડી હશે એ તો આજનો અનુભવી સમાજ સહેલાઇથી સમજી શકશે !

તા. ૨૯-૧-૧૮૯૪ ના શ્રી દયાચંદભાઇ પરના પત્રમાં તેઓ આવી બાબત સવિસ્તાર લખે છે, જુદો ચૂલો રાખી, શાકાહારી રહ્યા એ અંગેનું પ્રમાણ પત્ર, એસ. એસ, આસામ અને એસ. એસ. હિમાલયના કમાન્ડીંગ ઓફિસર પર એમણે લીધેલી ભલામણનો પત્રમાંથી ઉતારો જોઇએ તો આવી કેટલી વિધિઓમાંથી પસાર થવું પડ્યું હશે એનો ખ્યાલ આવશે.

"He will feel very much obliged if you will be so kind as to give him a certificate on leaving your ships to the effect that he has not eaten food prepared by the ship's cook, but by his own


અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મ ભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઇએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પુરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ-અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

## ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

### પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લા પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઇઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરેની **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી** | ૪૫૭, સરદાર વી. પી. રોડ, | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ |
| ૬૧, ત્રાંબા કાંટા, | ૨ જે માળે, | ઇશ્વરલાલ કસ્તુરચંદ |
| **મુંબઈ ૩.** | **મુંબઇ ૪.** | સાળવી |

cook. Thanking you, in arilicipation." (જહાજના ચૂલા દ્વારા તૈયાર થયેલ નહીં પરંતુ પોતાના ચૂલા પર તૈયાર કરેલ રસોઇનો ઉપયોગ તેમણે કર્યો છે એવી મતલબનું પ્રમાણુ પત્ર જ્યારે તેઓ સ્ટીમર છોડે ત્યારે આપશે તો તે ખૂબ જ ઋણી રહેશે.)

આ રીતની ભલામણુ થોમસ કુક એન્ડ સન્સ, મુંબઈ પાસેથી લખાવી હતી, અને એની નકલ ઉપરોક્ત પત્રમાં જ એમણે કરી હતી. આટલી બધી કાળજી અને ચીવટ હતી ત્યારે વિદેશી પત્રો મુક્તકંઠે પ્રશંસા કરે એમાં નવાઈ શી ?

જુદા ચૂલાની વ્યવસ્થા માટે રૂા. ૧૦૦-૦૦ વધારાનો ચાર્જ આપવો પડે એમ હતું. આ ચાર્જ શ્રી વીરચંદ ભાઇને વધુ જણાતાં એમણે ચાર્જમાં ઘટાડો થવો જોઇએ એ માટે પ્રયાસ કર્યો. પેનીન્સુલાર એન્ડ ઓરીએન્ટલ સ્ટીમ નેવીગેશન કું. ના સુપરીન્ટેન્ડટે મે. થોમસ કુક એન્ડ સન્સ પર આ બાબત લખ્યું કે—

"I note that they considered Rs. 100/- a high charge but you will doubtless, bave explained to them that the stove is conveyed at some in convenienee to the ship and has to be transhipped at Aden, carried to London and brought back again"

આથી એમને સંતોષ થયો.

સ્ટીમરમાં રસોઈ માટે એમના જ મિત્ર, મહુવાના જ વતની અને જગ-


બુદ્ધિપ્રભાનો આગામી અંક

**પર્યુષણ વિશેષાંક—**

બહાર પડશે.

લેખકોને પ્રાસંગિક લેખ-વાર્તા વગેરે તા. ૨૫ ઓગસ્ટ સુધી મોકલવા વિનંતી છે.

લેખ-વાર્તાને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.
કાવ્યો લેવામાં આવતાં નથી.

વિખ્યાત મહાન જાદુગર પ્રો. નથુભાઈ મંછાચંદ (જેમનો જન્મ શતાબ્દિ દિન આ માસની પાંચમી તારીખે હતો) એમની સાથે હતા. આ બાબત ઉલ્લેખ કરતાં લખે છે કે, "મારી સાથે મી. નથુ મંછાચંદ હતો અને રસોઈ વગેરે કામ માટે તેની જરૂર હતી. એક બે દિવસ સુધી નથુને ફેર આવ્યો તેથી અમે રસોઈ કરી શકયા નહીં. પણ અંતે તંદુરસ્તી સારી રહેવા લાગી. પહેલાં બે દિવસ સુધી અમારી સાથે મીઠાઈ વગેરે ખાવાના પદાર્થો ઘણા હતા તેનાથી અમે ચલાવ્યું."

સ્ટીમરમાં અલ્હાબાદની કોલેજના પ્રોફેસર મી. જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તી, બૌદ્ધ ધર્મ સભાના સેક્રેટરી મી. ધર્મપાલ વગેરે સાથે હતા. લંડનની થિયોસોફીકલ સોસાયટીના પ્રમુખ શ્રીમતી એની બીસેન્ટ તથા મંત્રી મીસ મ્યુલરનો પરિચય પણ સ્ટીમરમાં જ થયો. એ લોકોને જૈનધર્મ સંબંધી કાંઈ પણ માહિતી ન હતી. વીરચંદભાઈએ જ્યારે જૈન ધર્મનું હાર્દ સમજાવ્યું ત્યારે તેઓને આશ્ચર્ય થયું અને **એ લોકોએ જે ટીકા કરી એ આજે પણ હજુ જૈન સમાજે વિચારવા જેવી છે. એમણે કહ્યું કે, "આવી ઉત્તમ ફીલોસોફીના પુસ્તકો અંગ્રેજીમાં જૈન લોકો પ્રસિદ્ધ કરતાં નથી એ ઘણી દિલગારીની વાત છે."**

વિદેશમાં પણ જૈન સમાજનું ગૌરવ કઈ રીતે જળવાય એની પણ એમને કેટલી કાળજી હતી! ચિકાગો જતાં ન્યુયોર્કમાં બે દિવસ રહેવું પડયું. આ દિવસો દરમિયાન ધર્મ પરિષદના મંત્રી શ્રી વિલિયમ પાઇપ ન્યુયોર્ક આવ્યા હતા અને આપણા રિવાજો મુજબ બધી જ સગવડતા ધર્મ પરિષદના ખર્ચે કરવાની હતી. પરંતુ શ્રી વીરચંદભાઈને લાગ્યું કે, "**જૈન ધર્મની ઉન્નતિ માટે હું અહીં આવ્યો છું તે પ્રસંગે અમેરિકાના લોકોને મારે માટે ખર્ચ કરવો પડે, એ જો કે તેમને પ્રશંસનીય છે, તો પણ મારી શકિતવાન જૈન કોમને નામોશી ભરેલું છે.**" તેથી પોતાના જ ખર્ચે રહેવાની ઉપકાર ભર્યા શબ્દો સાથે ધન્યવાદ આપી માંગણી કરી.

**શક્તિવાન જૈન કોમ માટે જેને ગૌરવ હતું, એ શકિતવાન કોમ એમની કાયમી સ્મૃતિ જાળવવાનું હવે મોડે મોડે પણ કંઈક કરશે ખરી કે?**

★

# THE LATE
# Mr. VIRCHAND R. GANDHI
B. A., M. R. A. S.

## A BRIEF SKETCH OF HIS SHORT BUT USEFUL CAREER.

By :—Bhagu F. Karabhari.

"Give me the making of a nation's ballad and, I will leave its history to anybody." These are pregnant words. Fortunately India requires no more ballads today. They are necessary for a country that is passing through the first, the crude process of "self-building." India requires no ballads. She has the oldest, grandest and greatest epics in the world—epics immortal. Her epics and other monumental religious works are the only key which has so far opened to the moderns the secrets almost of the infancy of the world. But by a strange law of cotrariety a country that was once rich in history and lyrical biography has become today a pauper in that department by the absolute absence of authentic and instructive biographies of men of today, men who have stood. sponsers, in a thousand ways at the cradle of Young India. True, some of these have merely been "comets of a season," men cut off in the prime of life just as their genius was budding into blossom. But even then they had their day. They were active influences, living forces in the various communities they belonged to. Can a community or a country be said to be doing its duty if it allows the memory of such men to be wasted away like letters written on sand ? Any country or com-

munity that is guily of such a crime need never expect to win the race in the terrible struggle for existence which modern conaitions have made more terrible, more strenuous than it need have been. A generation that loses the " foot " prints of its great and good men does injustice not only to the memory of these individuals, but may be saia literally to be cutting the ground from underneath its own feet in as much as it does not leave to its successors the " presentment " of the men that played an important part in mouldiny its character and destiny. In this respect India has been unpardonably guilty since the advent of the British in India and since this country went under the direct control of its present Rulers. Many men in various parts of this hoary land have lived " their day " and illumined the whole land with the glory of their genius and achievements. And, yet, how many of them have had their Boswells ? Unfortunatly, the supreme importance of national biographies has yet not been thoroughly grasped by the people of this land. It is a pity but it is true. All around us we hear cries of the new awakening, the forces that are said to be about to make their stupendous influence felt. There is also the question of education on national lines. Yet, most of us have lost sight of one of the most potentia channels of National education—that of national biography. Apart from what may be called All-India biographies, even single communities neglect the sacred duty of rising biographic monuments to the memory of men who have exercised not a little influence over their affairs in their life time. The writing of the life stories of such men is a duty, indeed ! But more important still is the duty of preserving it in a permanent form

—the grains of gold, the noble thoughts they gave utterance the achievements of their pen, that mighty instrument of little men. The smaller, the Community, the less excuse there is for its leaders to allow the memory and thoughts of such men to lapse, it is almost a moral and a communal crime. No community in India has been more guilty of this crime than the Jain community. Writing as a Jain, I am simply sorry for my inability. to give expression to the indignation. I feel, on account of my community's deplorable neglect in the matter of writing the biographies and preserving the writings of very few men that have upheld its intellectual and religious prestige, who have tried to vivify their interness and to prove that though small, they are yet not a negligible quantity in this ancient land. One of such men was the late Mr. Virchand Gandhi. [ I have undertaken the publication, in a handy form, of his speeches and writings as a pure Labour of love, and take this opportunity of placing before the members of my community a brief sketch of his short but useful career.]

Mr. GANDHI was born of poor but gentle parents on the 25th of August 1864 in a small village named MAHUWA near BHAVNAGAR, in KATHIAWAR, RAGHVJI his father, was jeweller by profession and had earned for himself a fair competency. He was a very orthdox Jaina and fully subscribed to all the varaied tenents of Jaina religion. Though without any education, as the word is understood now-a-days, he had an enlightened mind which instinctively revolted against anything which he thought to be irrational, unwholesome or incongruous in the social life of his co-

religionists. Only one instance will suffice to illustrate this noble trait in his character. It was VIRCHAD'S father who put a stop to the cruel customs of weaping and beating, the breast on the death of a relative which prevailed in his community. It required great moral courage to tackle such a delicate social question, but he did it manfully and successfully. The love of reform of young VIRCHAND may thus be said to have inherited from his father. He went through the usual vernacular course of primary education in a small village under an old fashioned pedagouge and was then taken by his parents to BHAVNAGAR as they desired to gave him an English education. Young VIRCHAND was uniformly diligent and industrious during his school career and passed the matriculation examination of the BOMBAY UNIVERCITY in 1880. With a view to complete his son's education, RAGHAVJI migrated to BOMBAY and VIRCHAND had the satisfaction of seeing his name enrolled as a student of the premier college of the Presidency, i. e ELPHINSTONE. His work there was characterised more by seriousness than brilliancy and he graduated in the year 1884, when just twenty-one. The leading members of his community had followed his progress with great interest and had come to have great confidence in him. He had bately taken leave of his Alma Mater when he was called upon to undertake the duties of Secretary to the JAIN ASSOCIATION OF INDIA. It was a great responsibility to be placed upon such young shoulders but the leading Jains had full confidence in VIRCHAND and his subsequent career proved that the confidence was not misplaced. He began his apprentice-ship to public

life with earnest enthusiasm and soon put a new complexion upon the affairs of the ASSOCIATION. His activity, considering his youth and inexperinece, was extraordinary and the Association soon came to be looked upon as a very important useful institution by Jains all over INDIA. His first great achievement was the bringing about a reconciliation between the Jain community and Sursinghji, the late Thakor Saheb of Palitana, who had picked up a quarrel upon the imprisonment of some of the clerks of the firm of ANANDJEE KALYANJEE, an institution for looking after the interests of the Jains of India. The Thakor Saheb used to levy from every pilgrim to SHATRUNJAYA HILL the sum of Rs, 2 as a Mundka (a kind of tax) for the upkeep of the Hill. This tax was a great hardship on poor Jains who were deprived of the satisfaction of paying their homage to the sacred shrine. Mr. VIRCHAND felt deeply the cruel injustice of toe tax and at once took up the matter in hand. He managed to have interviews with Col. WATSON the P. A. M. K. and lord the then enlightened Governor of BOMBAY. He convinced them injustce at the tax and through their powerful influence obliged the Thrkor Saheb to come to an amicable arrangement on the question. The chief was to be paid Rs. 15,000 annually as Rakhopa ( up-keep ) and he was to do away with tax. The arrangement was haild with grateful satisfaction by thousands of poor Jains who had hitherto been denied the pleasure of a pilgrimage to the great shrine.

It was time now for the young man to think of some permanent settlement in life and he thought of Law.

With the object of qualifying himself for the profession of a solicitor he signed articles in 1885 with Messrs Little & Co. the Government Solicitors. His work as secretary of the Jain Association was so well apprecieted that many of his leadingco-religionists in BOMBAY and AHMEDABAD voluntarily offered him pecuniary aid for the successful prosecution of his legal studies. Although thus seriously engaged in equipping himself for what he intended to be his profession, his active interest in the affairs of the Jain Community never slackened and he was as ready as ever to lead every forelorn Jain cause. For example, in 1891 an European named Mr. BEDAM opened a Slaughter House on the hill of SOMET SHEKHAR, in BENGAL, for the preparation of fallow. How deeply the religious feelings of the Jains have been aggrieved at this can well be imagined. A suit against the European gentleman was at once filed in one of the subodrinate Courts of CALCUTTA but it was not successful. Upon this Mr. VIRCHAND himself went to CALCUTTA and lodged an appeal in the High Court. It was an intricate case several important legal and religions issues being involved. But nothing could daunt the young man's ardour. He remained in the City of Palaces for several months, learnt the Bengali language and himself translated into English all the Vernacular documents apertaining to the case. With wonderful industry and patience he collected a large amount of evidence and with the help of a number of rock inscriptions coins etc. and other evidence convinced the Judges of the justice of the plea put forth by his community. The High Court rev-

ersed the decision of the Lower Court and Mr. VIRCHAND thus achieved his second great triumph in the cause of his community. It is needless to say that the whole Jain community felt grateful to their young and enthusiastic co-religionist. Mr. VIRCHAND returned to his desk and murky legal folios in BOMBAY, but soon felt that his vocation lay in another direction, While his mind was thus vacillating between law and the service of his community, His Holiness Munee Shri ATMARAMJEE, the wellknown JAIN PRIEST, received an invitation from the President of the Religious Congress, which was proposed to be held at CHICAGO to represent Jainism. His Holiness, however, could not personally respond to the invitation on account of the many objections of Jain monks to cross the Kala Pani and so he referred the question to the Jain Association of INDIA. As was to be expected, everybody thought of Mr. VIRCHAND, who was ultimately elected as a delegate to represent Jainism at the great Parliment of the World's Religions to be held in AMERICA. After his election the young man spent some time at the feet of His Holiness Munee Shri ATMARAMJEE in order to have the benefit of that learned man's erudition and philosophical learning before starting for the land of WASHINGTON. Soon afterwards he sailed for CHICAGO. For a young man it was a stupendous task which Mr. GANDHI had undertaken. The Congress he was going to attend was not a political meeting where hackneyed platitudes or well-balanced periods were to be delivered. It was a religious congress and the keenest and most philosophical brains from all parts

of the world were to take part in it. To face such an intellectual audience and to uphold before it the dignity, the grandeur, the sublimity of his own beloved Jain religion was no ordinary undertaking for so young a man and would have taxed the abilities even of a veteran. How well young VIRCHAND acquitted himself of his responsible duty the following extract taken from the writings of an eminent American will show. Says this American :—

"A number of distinguished Hindu scholars, philosophers and religious teacherds attended and addressed the parliament; some of them taking rank with the highest of any race for learning, eloquence and piety. But it is safe to say that no one of the oriental scholars was listened to with greater interest than was this young layman of the Jain Community, as he declared the Ethics and philosophy of his people."

The young man made such a deep impression upon the organisers of the Congress that they presented him with a silver Medal. What was more significant, however, was the impression he made upon the general public, some idea of which can be formed from the fact that the people of Casadaga presented him with a Gold Medal, Mr. VIRCHAND'S Mission to AMERICA did not conclude with the sitting of the Congress. At the desire as well as at expense of some of the leading Jain merchants of BOMBAY, he remained in that continent for three years for diffusing among the Americans some knowledge of the Philosophy of Jainism. He delivered a series of illuminating lectures in important centres like CHICAGO, BOSTON, NEW

VORK aud WASHINGTON, He was cordially received every where and his speeches left a very happy impression upon the minds of the American public about the sublimity of the Jain religion. He establisned there the GANDHI philosophical Society and afterwards left for ENGLAND. Here also he delivered a number of discourses on the fundamental principles of Jainism under the presidency of that distinguished educationist Lord REAY, with whom he had come into contact when the former was Governor of BOMBAY. In England, too, Mr. GANDHi made a grat impression and several eminent gentlemen requested him to prolong his stay there and to initiate them into the philosophy of his ancient religion. Circumstances, however, made any prolonged stay in the Land of our Rulers impossible and so after travelling through some of the leading Contiental countries he returned to his beloved motherland in June 1895. He was accorded a cordial reception on his arrival in Bombay by his co-religionists. After his return he further devoted himself to the study of Jaina philosophy in particular and generally to that of the other great religions of the world. He also started in BOMBY a new institution under the name of "HEMCHANDRACHARYA CLASS" before which he gave a course of lectures on such diverse subjects as the "Doctrine of Karma," "Re-incarnation." "Matter and spirit" and "Ultimate Principles." He also delivered many other discourses under the auspices of institutions like the "Theosophical Society." While thus conducting a vigorous Campaign in the interests of Jainnism he was several times earnestly repquested by many of his Ameri-

can friends to pay them another visit. He accepted the invitation and started a second time for AMERICA in 1896.

On this occasion he divided his time between England and the United States lecturing and holding classes in the latter country for six months, and keeping terms for six months at one of the Inns of Court in ENGLAND in order to qualify himself for the Bar. From these vatied activities he was again called back to INDIA by his co-religionists. An appeal had to be made to the Secretary of state in several matters affecting the interests of the Jain community and it was felt by all that Mr. VIRCHAND was the only man to undertake the work. This time, however his stay in INDIA was very short–about three weeks only. But even in that short time his phenomenal energy enabled him to collect all the necessary information and material to substantiate his case before the Secretary of State, and shortly afterwards he again went to ENGLAND this time accompanied by his son MOHANLAL. He did the needful in the matter of the Appeal and was called to the Bar in 1901. Soon afterwards he returned to his native land with a heart full of hope and a determination to devote all his life to the service of his eo–religionists and country. But, truly, "man proposes and God disposes." Little did the comparatively young man dream that INDIA at the news of Mr. GANDHI'S tragically premature his Pilgrimage on Earth had almost come to an end. "Quiet," says the Poet, "to quick bosoms is a Hell." The same was the case with Mr. GANDHI. His spirit was too volcanic to allow him ever to think of rest. From his youth upwards

his brain and mind were always working at high pressure and the frail body proved too work to long sustain the phenomenal activity of the man. He returned to India but a mere shadow of his former self, a total physical wreck, Only two weeks after he landed at BOMBAY the end came on the 7th of August, 1901; he had returned to his native country only to die. A thrill almost of horror passed through the Jain community all over temise.

But of what avail are such vain regrets. He had played his short but eventful part on the stage of this world, tried to fulfil what he thought to be his mission, and left "for that abourne from which no traveller returns," leaving behind him for his community and his countrymen in general the noble example of a useful and anblemished life, of what amount of enduring work can be concentrated within the brief span of 37 years.

May his soul rest in eternal peace and continue to inspire his co-religionists and country men with high ideals is the only prayer of the humble writer of this brief notice of the life of a man who may truely be said to have fulfilled the noblest ideals of citizenship and manhood.

Gram : "PUNYASHALI" Phone : 334297

**United Overseas Trading Corporation**

MINERALS & CHEMICALS

32, Kika Street, Gulalwadi, **BOMBAY-4** (INDIA)

ગી
ત
સં
જૂ
ષા

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી
રચિત કાવ્ય સંગ્રહોમાંથી
સંકલિત કરેલ
કાવ્યોનું રસ દર્શન
કરાવી જતી કાવ્ય કટાર

રાજુલ તો પછી સાધ્વી બની. પણ તે પહેલાં તે સંસારી હતી. અને તેમાંય તે નવ યૌવના હતી. વળી તેના હૈયે તેમને પરણવાના લાખ લાખ અરમાન હતા. કંઈ યુગોની મિલન પ્યાસ એના અંતરને અકળાવી રહી હતી. આંખોમાં તેમને વધાવવાના ઉમળકાના મહાસાગર ઉભરાતાં હતાં. અરે ! તેનાં સુકુમાર દેહના રોમેરોમ તેમની યાદમાં ઝણઝણી ઊઠતાં હતાં.

વસંતના ઉન્માદી ગીતની ધૂન હજુ હમણાં જ પૂરી થઈ હતી. ત્યાં વર્ષાનું ભીનું ને માદક ગીત શરૂ થયું.

રાજુલનો નેમ રાજુલથી દૂર દૂર હતો.

દુનિયા આખી વરસાદની રીમઝીમમાં તરબોળ બની હતી. વાદળીની આંખોમાં મિલનના તેજ ઝબકારા હતા. સંતપ્ત બનેલી ધરતી વરસાદના આલિંગનથી ઘેલી બની હતી. મોર ટહુકી રહ્યા હતા. ઘરમાં બેઠેલી નારીઓ મીઠું મિલન ગીત ગાઈ રહી હતી. આમ પ્રકૃતિ આખીય વર્ષાના આગમનથી આનંદ વિભોર બની હતી.

પણ રાજુલના હૈયે મણ મણના વિષાદ હતા. વર્ષાની રીમઝીમ એના હૈયા પર કરવત ફેરવતી હતી. ઠંડોને મધુર પવન એના ગૌરાંગને સતાવી રહ્યો હતો.

રાજુલને આજ વર્ષા વહાલી નહિ વેરણ બની હતી. એની આંખોમાંથી વિરહની વિજળી ત્રાટકતી હતી. તો ઘડી શ્રાવણ ભાદરવાની વર્ષા ઝડી જેવી આંસુની મબલખ ધાર નીકળતી હતી.

કારણ રાજુલનો નેમ રાજુલથી દૂર હતો.

રાજુલની વિરહ વેદનાને પ્રકૃતિના તત્ત્વો સાથે ગૂંથી લેતું, **શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી મહારાજનું** એકી સાથે વિરહ ગીત તેમજ પ્રકૃતિ ગીત વાંચો :—

# વેરણ વર્ષા

આકાશે ઘમઘોર છવાયું વાદળું,
 ઘન ગડ ગાજે વરસે મૂશળ ધાર જો;
ચકમક વીજળી પડતો કાટકો,
 બીતા તેથી બીકણ નરને નાર જો.

નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી,
 સરસર ખળખળ વહેતું પાણી ચાલતું;
સરવર છલકાઈ જાતાં ઉભરાય જો,
 નાળાં નદીઓ જળમય થઈને શોભતાં.

જાય પપૈયો મનમાં હરખાય જો,
 નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી;
વનરાજી જ્યાં ત્યાં ઉગીને ઓપતી,
 માળામાં પંખી બેઠાં અકળાય જો.

સૂરજ છાયો વાદળથી આકાશમાં,
 ઝાંખા કિરણો પ્રકાશે દિન માંહી જો;
નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી,
 ઢોરાં વગડામાં ચરતાં બ્હાલ જ ધરી.

ખેતર ખેડ ખેડૂતો ખુશ થાય જો,
 નીલી સાડી ઓઢી પૃથ્વીએ ભલી;
મોરો નાચી કરતાં વર્ષ વધાય જો,
 નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી.

ડ્રૂં ડ્રૂં કરતાં ડેડક વૃંદો સામટાં,
 ટમ ટમ કરતાં તમરાં રાત મઝાર જો;
શાંતિ લેતાં ઘરમાં નર ને નારીઓ,
 શીતળ વાયુ વાતો જગ સુખકાર જો.

નેમ શ્યામ પણ વર્ષા વેરણ થઈ રહી,
ગાવે મધુરાં ગીતો ઘરમાં ગોરીઓ;
ઢોર હરાયાં ખેતરમાં ખડ ખાય જો,
મનના મેળા મળીયા સૌને માનતા.
અંતર્યામી વણ મુજ મન અકળાય જો,
નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી;
ઝરમર ઝરમર વર્ષા દુઃખમય થઈ રહી,
પતિ વિના વર્ષો સમ ક્ષણ ક્ષણ જાય જો.
જેઠ અષાઢ આંખો અશ્રુવૃષ્ટિથી,
વાદ કરંતી સાગરથી દેખાય જો;
નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી,
શ્રાવણ ભાદરવો ઝરમર વર્ષા રહ્યો.
મનમાં પડતું નહિ જરી ક્ષણ ચેન જો,
નેમિ મેઘવણ મન ચાતક તલસી રહ્યું;
વિરહ સર્પના વિષની લાગી,
નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી.
મેં જાણ્યું ' તું વર્ષા તો વ્હાલી થશે,
વર્ષાની ઝડીએ ઘડીમાં મન દુઃખ જો;
બની બાવરી વર્ષા ઉની થઈ રહી,
દુઃખ જાણે જેના મન લાગી ભૂખ જો.
નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી.
નેમ નેમ કરતી હું ઝરુખે ઝુરતી;
દયા દુઃખીની લાવો ત્રિભુવન નાથ જો,
**બુદ્ધિસાગર** કરુણા દિલમાં લાવીને.
પ્રેમે વ્હાલાં ઝાલો મારો હાથ જો,
નેમ શ્યામ વણ વર્ષા વેરણ થઈ રહી.

★

# સમાલોચના

## ઢાલની એક જ બાજુ

### શ્રી વીરચંદ રાઘવજીના ચૂંટેલા ભાષણો

પ્રકાશક : **શ્રી વલ્લભ સ્મારક નિધિ, મુંબઈ ૩.**
**કિંમત એક રૂપિયો.**

ઇ. સ, ૧૮૯૩ માં ભરાયેલ વિશ્વ ધર્મ પરિષદમાં શ્રી. વીરચંદ રાઘવજી ગાંધીએ જૈનધર્મનું પ્રતિનીધિત્વ સંભાળ્યું હતું. આ ઓગસ્ટ માસની પચ્ચીસમી તારીખે તેમની જન્મ શતાબ્દિ આવે છે તેના સંદર્ભમાં, શ્રી વલ્લભસ્મારક નિધિએ આ ભાષણો પ્રગટ કર્યા છે.

પરિષદમાં આપેલું ભાષણ, જૈનોનું તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર, જૈનધર્મ, હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મનું તત્ત્વજ્ઞાન, કર્મ, જૈનધર્મનો અભ્યાસ કેમ કરશો, તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે જૈનધર્મનું પ્રદાન, ધર્મ મહોત્સવ સંબંધી થોડોક ભાગ—

આટલા ભાષણો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. ઉપરાંત શ્રી ગાંધી વિષેના અમેરિકન પત્રોના ઉતારા તેમજ સંક્ષિપ્ત જીવન ચરિત્ર પણ આપવામાં આવ્યું છે. આખુંય પુસ્તક અંગ્રેજી ભાષામાં છાપવામાં આવ્યું છે,

મને જાણવા મળ્યું છે કે લોકસભા તેમજ વિધાન સભાના સભાસદોને આપવા માટે કરીને આ પુસ્તક અંગ્રેજીમાં પ્રગટ કરવામાં આવ્યું છે. અને આ પુસ્તિકા સાથે એક પત્ર પણ બીડવામાં આવ્યો છે, ને સરકાર વિનંતી કરવામાં આવી છે કે શ્રી ગાંધીની જન્મ શતાબ્દિએ શ્રી ગાંધીની ખાસ ટીકિટો બહાર પાડે.

આ પુસ્તકમાં જે ભાષણો લેવામાં આવ્યા છે તે જોતાં એક સ્પષ્ટ છાપ પડે છે કે શ્રી ગાંધીએ માત્ર જૈનધર્મનાં જ ભાષણ આપ્યાં હશે ! પરંતુ હકીકતથી આ વાત તદ્દન વેગળી છે. શ્રી ગાંધીએ તેમના વિદેશના વસવાટ દરમિયાન લગભગ પાંચસોથી વધુ ભાષણો આપ્યાં છે, અને તે પણ વિવિધ વિષયો અને વિવિધ દર્શનો પર હિંદુ સંસ્કૃતિ, તેની સમાજ વ્યવસ્થા, હિંદની સ્ત્રીઓ વગેરે આવા અનેક ભાષણો તેમણે હિંદુધર્મ ઉપર પણ આપ્યાં છે. યોગ વિષે પણ તેમણે ભાષણો આપ્યાં છે.

આમ તેમના ભાષણોમાં અનેક પ્રકારની વિવિધતા હોવા છતાંય આ પુસ્તકમાં માત્ર જૈનધર્મનાં જ ભાષણો કેમ પસંદ કરાયા હશે ! એ એક

સવાલ ઊભો કરે છે, સાંપ્રદાયિક માનસનું તો આ પ્રતિબિંબ નહિ હોય ને ? આથી જ આ પુસ્તકને શ્રી ગાંધીના ચૂંટેલા ભાષણો તરીકે માનવાનું મન ના પાડે છે. આખુંય પુસ્તક વાંચી જતાં એમ જ કહેવું પડે કે આ પુસ્તક શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના જૈનધર્મ વિષયક ભાષણોનું છે. આ પુસ્તકના સંપાદકે જો વધુ મહેનત લઈ તેમના વિવિધ ભાષણોનો સંગ્રહ આપ્યો હોત તો શ્રી ગાંધીના સર્વતોમુખી પ્રતિભા, તેમજ તેમના અનેકાંતના પ્રયાસને વધુ ન્યાય મળત. અને જૈનેતરો પણ તેમને પોતાના માની વધાવી લેત.

બીજું આ ભાષણોના સ્થળ સમયની વિગત પણ જાણવા મળતી નથી. પરિષદમાં આપેલું ભાષણ પણ કયા દિવસે આપ્યું ને કેટલું આપ્યું તે પણ સ્પષ્ટ થતું નથી. કારણ પુસ્તકના પાન નં. ૯ ઉપર છેલ્લે હિંદુ ધર્મની ટીકાઓનો જવાબ જે આપવામાં આવ્યો છે, તે પરિષદના તેમના ભાષણોમાં જવાબ આપ્યો હતો કે બીજી કોઈ જગાએ ? એ કંઈ જ સ્પષ્ટ થતું નથી આવી જ બીજી ગરબડ પાન નં. ૯૭ વાંચતાં થાય છે. ધર્મ મહોત્સવ એ ભાષણ નથી, તેમના અપ્રગટ લખાણનું એક પાનું છે. જો કે ફુટનોટમાં તેનો ઉલ્લેખ આપેલો જ છે. પરંતુ સવાલ એ થાય છે કે ભાષણોના પુસ્તકમાં આવું એકાદ પાનું શા માટે લેવામાં આવ્યું હશે ?

આવું જ બીજું આશ્ચર્ય શ્રી ગાંધીના જીવન ચરિત્ર તેમજ પત્રોના ઉતારા વિષે થયું ? જનતાને તેમજ સરકારને જેનો પરિચય કરાવવાનો છે તેનું જીવન ચરિત્ર સાવ છેલ્લે મૂકયું છે. ને તેમના ભાષણો આગળ મૂકયા છે.

સભાઓમાં આપણે જોઇએ છે કે જે વક્તા સભાજનો આગળ બોલવાનો હોય છે તેનો પ્રથમ પરિચય આપવામાં આવે છે અને પછી વકતા તેનું પ્રવચન શરૂ કરે છે.

પરંતુ આ પુસ્તકમાં ઉલ્ટી ગંગા વહે છે.

એક વાત તો આપણા તેમજ ઇતર સમાજ માટે દીવા જેવી સ્પષ્ટ છે. ઘણા જ ઓછા માણસો શ્રી ગાંધીના જીવન અને કવનને જાણે છે. વિવેકાનંદને જાણનાર ઘણા છે જ્યારે તેમની જ સાથે જનાર શ્રી ગાંધીને બહુ ઓછા ઓળખે છે. ત્યારે તેમનો પરિચય તેમજ વિદેશના લોકોએ તેમને કેવી રીતે સનમાન્યા હતા એ જે પ્રથમ બતાવવું જોઇએ તેને બદલે ગાડી પાછળ ઘોડો મૂકવા જેવું કેમ કર્યું હશે તે સમજાતું નથી.

વળી આ પુસ્તક માત્ર અંગ્રેજીમાં જ પ્રગટ કર્યું છે. જાણે શ્રી ગાંધી માત્ર અંગ્રેજી જાણનારાઓના જ ન હોય ? અંગ્રેજી પુસ્તક સાથે હિંદી–ગુજરાતી–મરાઠી. વગેરે ભાષાઓમાં પણ તેમનું

જીવન ચરિત્ર-ભાષણો પ્રગટ કરવા ઇચ્છતા હતા, પણ ગમે તે કારણે તેમ બન્યું નથી.

એકંદરે આ પુસ્તક શ્રી ગાંધીની એક જ બાજુની રજુઆત કરી સમાપ્ત થઇ જાય છે. તેમની બીજી બાજુઓની પણ જનતાને જાણ કરવી જરૂરી છે.

આખાય પુસ્તકની એક ઉજળી બાજુ હોય તો પત્રોના ઉતારા છે. જે તારીખવાર નોંધ પામેલા છે. બાકી આ પુસ્તકનું સંપાદન ઉતાવળીયું, સાહિત્યની સૂઝ વિનાનું, એકાંગી, તેમજ અધકચરું બન્યું છે. આથી શ્રી ગાંધીની સર્વતોમુખી પ્રતિભાને ન્યાય મળવાને બદલે અન્યાય કરવા જેવું બની રહે છે.

★

# મૂર્તિ વિનાનું મંદિર

## વિશ્વધર્મ પરિષદ અને જૈન ધર્મ (હિંદી)

લેઃ-પ્રો. પૃથ્વીરાજ જૈન M. A.
જૈન દર્શન શાસ્ત્રી.

કીંમત : ૬૦ નવા પૈસા

પ્રકાશકઃ-**શ્રી વલ્લભ સ્મારક નિધિ, મુંબઈ.**

ઇ. સ. ૧૯૬૩ માં પ્રગટ થયેલ આ નાનકડી પુસ્તિકામાં શ્રી પૃથ્વીરાજે વિશ્વધર્મ પરિષદ કયા સંજોગોમાં ભરાઈ અને પૂ. શ્રી આત્મારામજી મહારાજે તેમજ શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ તેમાં કઈ રીતે ભાગ લીધો તેનો આછો ચિતાર આપ્યો છે.

પુસ્તિકાના વ્યાસ પ્રમાણે શ્રી જૈને ખૂબ જ રોચક શૈલીમાં અને સંક્ષેપથી પરિષદ શ્રી આત્મારામજી મ, તથા શ્રી ગાંધીનો પરિચય કરાવ્યો છે.

પુસ્તિકાના નામ પ્રમાણે પરિષદમાં જૈનધર્મને કેવું સ્થાન મળ્યું તે ઘણી જ સુંદરતા અને સચોટતાથી રજુ કરવામાં આવ્યું છે પરિષદમાં જઈ શ્રી ગાંધીએ જૈન ધર્મનું કેવું પ્રતિનિધિત્વ કર્યું. તે જાણવા માટે આ પુસ્તિકા ગાઇડ જેવી બની રહે છે.

આટલી જમા બાજુ નોંધ લેતાં તેની ઉધાર બાજુ પણ જોઇ લઇએ. લેખકશ્રીએ તેમની ફુટ નોટમાં ઘણીવાર World's Parliament of Religions ની નોંધ કરી છે. છતાં તેનું ભાષાંતર સર્વ ધર્મ પરિષદ કેમ કર્યું હશે ? તે સમજાતું નથી. ચિકાગોમાં ભરાયેલી એ પરિષદ બધે જ વિશ્વધર્મ પરિષદથી ઓળખાય છે. સર્વ ધર્મ પરિષદથી નહિ. આ ભૂલ ગર્ભિત

સમજીએ લઈએ. પરંતુ પાન નં. ૧૩ ઉપર શ્રી ગાંધીની નામ પાછળ જી લગાડી વાચક માટે ગજબ ગોટાળો ઊભો કરી દીધો છે. જો કે શ્રી વીરચંદ ગાંધી માટે જ ગાંધીજી શબ્દનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ ગાંધીજી શબ્દ વાંચતાં, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની છબી આંખ સામે આવે છે. અને આ **ગાંધીજી** શબ્દ માત્ર તે પાન ૧૩ ઉપર જ નહિ ત્યાર પછી ઘણીવાર વપરાયેલ છે. આથી વાચક ગાંધી ને ગાંધીજી વચ્ચે વિમાસણમાં મૂકાઈ જાય છે. જી ને બદલે આગળ **શ્રી** મુકી તેમનું બહુમાન કર્યું હોત તો આ ગોટાળો ટળી શકાયો હોત.

જો કે એ વાત સાચી છે કે આ પરિષદમાં ભાગ લેવા માટે પૂ. આત્મારામજી મ. ને નિમંત્રણ મળ્યું હતું. પરંતુ આયે એટલી જ હકીકત છે કે પરિષદમાં શ્રી વીરચંદભાઈ ગાંધી ગયા હતાં. લેખકશ્રીએ તો તેમનો પરિચય આપી તેમની ફરજ પૂરી કરી પરંતુ પુસ્તિકાના પ્રકાશકોએ શ્રી ગાંધીનો ફોટો કેમ નહિ મૂકયો હોય ? પરિષદ વખતના શ્રી ગાંધીના ઘણા ફોટા ઉપલબ્ધ છે. છતાંય તેમનો વ્યક્તિગત, સ્વતંત્ર ફોટો પણ આ પુસ્તિકામાં જોવા મળતો નથી. આથી આ પુસ્તિકા તેમના ફોટા વિના, મૂર્તિ વિનાના મંદિર જેવી લાગે છે. ★


આકર્ષક અને લોકપ્રિય............

# ક્રાઉન બ્રાન્ડ

PURE ALUMINIUM THE CROWN

**એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝડ એલ્યુમિનિયમની વસ્તુઓ**

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાંણાનું વળતર આપી રહે તેવા હોય છે

ઘર, હોટેલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

# જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોર્ન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

# શાસન સમાચાર

હૈયે જપું બસ એક જ નામ,
જય ગુરુદેવ જય ગુરુદેવ.



અધ્યાત્મજ્ઞાન દીવાકર યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.ની ૩૯ મી પુણ્ય તિથિ જેઠ વદ ત્રીજના રોજ અમદાવાદ ઝવેરીવાડ આંબલી-પોળના ઉપાશ્રયે ધામધૂમથી ઉજવાઈ હતી. આ પ્રસંગે શંખેશ્વરથી આ વિશિષ્ઠ પ્રસંગમાં ગુરુભક્તિ કરવા **મુનિરાજ શ્રી અમરેન્દ્ર સાગરજી મ. સા.** ઝડપી વિહાર કરીને આ પ્રસંગે સમયસર આવી પહોંચ્યા હતાં અને આ માંગલિક ઉત્સવને સફળ બનાવવા શુભ પ્રેરણા કરી હતી.

આ તસ્વીરમાં જે ભાઈની તસ્વીર છે તે **શ્રી લાલભાઇ ડાહ્યાભાઇ નરોડાવાળા છે.** પુણ્ય તિથિને શાનદાર બનાવવામાં તેમનો ફાળો ખૂબ જ યશસ્વી છે અને પ્રશંસનીય છે. ત્રણ ત્રણ દિવસ સુધી તેઓશ્રીએ ખડે પગે આ પ્રસંગ માટે મહેનત ઉઠાવી હતી. શ્રીમદ્જીના તેઓ અનન્ય ભક્ત છે.

## સમી

અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીને તહત્તીનો આદેશ આપી પરમ પૂજ્ય અનુયોગાચાર્ય અને **પંન્યાસ પ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્ય** અત્રે ચાતુર્માસ માટે પધાર્યા છે. તેઓશ્રીની સાથે નવયુવાન અને કુશળ વક્તા **પૂજ્ય મુનિરાજ શ્રી અમરેન્દ્ર સાગરજી મ. સા.** પણ ધર્મલાભ આપી રહ્યાં છે. પૂજ્ય મહારાજશ્રી શ્રાદ્ધગુણ વિવરણ તેમ જ જયાનંદ કેવળી ચરિત્ર વ્યાખ્યાનમાં વાંચે છે.

પૂજ્ય શ્રમણ ભગવંતો ઉપર પૂજ્ય **સા. મ. શ્રી મહિમાશ્રીજી,** સા. મ. શ્રી **સુગુણાશ્રીજી** મ. આદિ ઠાણા બેનોને ધર્મ સંસ્કાર આપી રહ્યાં છે.

બપોરના સમયે બેનોને તેઓશ્રી વિક્રમ ચરિત્ર સંભળાવે છે.

અત્રેની પાઠશાળાનાં અધ્યાપક શ્રી **મોતીલાલ ડુંગરસીભાઈ** ધર્મધ્યાન માટે પાલીતાણા તીર્થે ચાતુર્માસ માટે ગયા છે. આથી હાલ **શ્રી જસવંતલાલ કાંતીલાલ** પાઠશાળાનું સંચાલન કરી રહ્યાં છે. ગામના પ્રમાણમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી સારી છે.

### નડીયાદ

**પૂજ્ય મુનિરાજ શ્રી નરોત્તમ વિજયજી મહારાજ** દીર્ઘ તપસ્વી છે. અને જ્યોતિષ શાસ્ત્રના અચ્છા અભ્યાસી પણ છે. અત્રેના સંઘની વિનંતીનો સ્વીકાર કરી કંસારાની ધર્મશાળામાં ચાતુર્માસ બિરાજીત છે. હાલ તેઓ ૧૧૦ મી ઓળી કરી રહ્યા છે. આ ઓળી તેઓશ્રીએ અઠ્ઠમ ઉપર કરી છે.

### કલકત્તા

અત્રેના ૯૬ કેનીંગ સ્ટ્રીટના ઉપાશ્રયમાં પ. પૂ. આ. મ. શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય રત્ન **પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી વિનયવિજયજી મ. સા. તથા મ. પૂ. શ્રી સુજ્ઞવિજયજી મ. સા. ચાતુર્માસ માટે બિરાજમાન છે.** તેઓશ્રીના ઉપદેશથી અત્રેના ઉપાશ્રયમાં જે વરસોથી બે જુથો વચ્ચેનો ઝગડો ચાલતો હતો તેનો સુખદ અંત આવ્યો છે. અને સંઘમાં એકરાગ જામ્યો છે.

અત્રે તેઓશ્રીની નિશ્રામાં તા. ૧ લી ઓગસ્ટથી તા. ૩ ઓગસ્ટ સુધી અર્હત્ પૂજન થયું હતું, આ પૂજનની ક્રિયા વિધાન જાણીતા ક્રિયા વિધાયક **શ્રી ચીનુભાઈ લલ્લુભાઈએ** કરાવ્યું હતું. આ પૂજન પ્રથમ વાર જ થતું હોઇ દેરાસર ચિક્કાર રહ્યું હતું. અને ઉછામણીઓ પણ ઘણી જ મોટી થઈ હતી.

### પાલીતાણા

પૂજ્યપાદ પ્રશાન્તમૂર્તિ ઉપાધ્યાય ભગવંત શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય મ. સા.ના શિષ્ય રત્ન પરમ તપોનિધિ પંન્યાસ પ્રવરશ્રી સૂર્યસાગરજી મ. સા. એકવીશ ઉપવાસની મહાન તપસ્યા સિદ્ધાચલના તારક ક્ષેત્રમાં કરેલ છે. અને સુખશાતા પૂર્વક પારણું થવા પામેલ છે. અષાડ સુદિ ૧ થી અષાડ વદિ ૬ સુધી.

★

મુ. પો. **પુંધરા**
તા. વિજાપુર
સ્ટે. પ્રિલવાઇરોડ
તા. ૭-૮-'૬૪

પરમ પૂજ્ય પ્રસિદ્ધ વક્તા પન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર શ્રી શિષ્ય પરિવાર સહિત ચાતુર્માસ અર્થે સ્વાગત સહ પધારેલ છે. વ્યાખ્યાનમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી રામાયણ વંચાય છે. જૈન-જૈનેતર જનતા ઘણા જ ઉત્સાહપૂર્વક લાભ લઈ રહેલ છે.

પંન્યાસજી મહારાજ સાહેબે અષાડ સુદ ૫ થી સુદ ૧૫ સુધીની ૧૨ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. મહારાજ સાહેબના દર્શન-વંદન-પૂજન તથા સુખશાતા પૂછવા વિજાપુર સત્તાવીશના ગામોના તદુપરાંત ભાવનગર અમદાવાદ જુનાડીશા તથા મુંબઇના અનેક ગુરુભકતો, શ્રાવકોએ લાભ લીધો હતો.

પૂજ્ય ગુરૂદેવ શ્રી સુદ ૧૫ ના મહુડી દર્શન કરવા પધારતા અત્રેથી લગભગ ૧૫૦૦ ભાવિકો સાથે પધારતા અનેરો આનંદ અને ઉત્સાહનું વાતાવરણ દૃશ્ય થતું હતું

મહારાજશ્રીએ ૧૨ ઉપવાસની તપશ્ચર્યાનું પારણું કર્યા બાદ અષાડ વદ ૭ થી વદ ૦)) સુધીના ૮ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

તપશ્ચર્યા દરમ્યાન દરરોજ બપોરે ૧॥ થી ૩ સુધી શ્રી રામાયણનું વ્યાખ્યાન ચાલુ રહેતું હતું.

મહારાજશ્રીના ૧૨ ઉપવાસની તથા ૮ ઉપવાસની તપશ્ચર્યામાં વ્યાખ્યાન આદિ દરેક પ્રવૃત્તિ પૂરજોસમાં પૂર્વવત ચાલુ હતી. જે જોઇને અનેક આત્માઓએ આશ્ચર્ય અનુભવ્યું હતું.

★

*Phone* : **40699**

**WITH BEST COMPLIMENTS FROM :—**

**VIPUL SILK MILLS**

**RAY ROAD, BOMBAY - 10.**

કોલેજ અને હાઇસ્કૂલના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ખાસ યોજાયેલ

# વકતૃત્વ અને નિબંધ લેખન હરિફાઈ

## વિષય

**નિબંધ લેખન:** "માનવ જીવનના સર્વાંગી વિકાસમાં જૈન આચાર વિચારનો (પંચાચાર) ફાળો."

વકતૃત્વ : "**ધાર્મિક શિક્ષણની અગત્ય**"

**નિબંધ લેખન:** તા. ૧૬-૮-૬૪ શ્રા. શુ. ૯ રવિવાર. સમય: બપોરે ૨-૦૦થી ૫ સ્થળ: શ્રી ક. દ. ઓ. (દે.) જૈન હાઇસ્કુલ ઠે. અનંતનાથ જૈન દહેરાસર, મસીદ બંદર રોડ

વકતૃત્વની પ્રાથમિક હરિફાઇ : તા. ૨૩-૮-૬૪ શ્રા. શુ. ૧૫ રવિવારે બપોરે ૧-૩૦ વાગે. પાયધુની-શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં પૂ. આ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણીની નિશ્રામાં થશે, અને આખરી હરિફાઈ: તા. ૩૦-૮-૬૪ શ્રા. વ. ૮ રવિવારે બપોરે ૨-૦૦ વાગે કોટ જૈન ઉપાશ્રયમાં પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ. (ચિત્રભાનુ)ની નિશ્રામાં થશે. વકતૃત્વ માટેની સમય મર્યાદા પાંચ મિનીટની રાખવામાં આવી છે.

**વિભાગ ૧ :** શાળામાં માધ્યમિક ધોરણોમાં (ધો. ૮ થી ૧૧) ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો. **વિભાગ ૨ :** કોલેજમાં ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનો. (પાઠશાળામાં ભણતાં કોઈપણ વિદ્યાર્થી ભાઈ-બહેન કે જેઓ હાલમાં સ્કૂલ કે કોલેજમાં નહિ ભણતાં હોય તો પણ ભાગ લઇ શકશે. અને તેણે છેલ્લા જે ધોરણનો અભ્યાસ કર્યો હશે તે પ્રમાણેના વિભાગમાં ગણવામાં આવશે.)

**ઈનામો :** હરિફાઇના દરેક વિભાગ માટે પાંચ-પાંચ ઇનામો **રૂા. ૨૧, ૧૫, ૧૦, ૫ અને ૩** રાખવામાં આવ્યા છે.

આ બન્ને હરિફાઇમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ-પત્ર" ભરીને (પ્રવેશ ફીના ૦-૨૫ ન. પૈ. સાથે) તા. ૧૦-૮-૬૪ સુધીમાં બની શકે એટલું તુરતજ સંસ્થાના કાર્યાલયમાં રૂબરૂ આપી જવા અગર મોકલી આપવા વિનંતી છે. આ બન્ને હરિફાઇઓમાં વિદ્યાર્થી ભાઇ-બહેનો ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લેશે અને તેને માટે સંપૂર્ણ તૈયારી કરશે તેમજ તેઓને શાળા-પાઠશાળાના શિક્ષક-શિક્ષિકાઓ, કોલેજના અધ્યાપકો તેમજ વાલીઓ અવશ્ય પ્રેરણા કરશે અને માર્ગદર્શન આપશે એવી આશા રાખીએ છીએ.

લિ.

કાર્યાલય :
શ્રી શાન્તિનાથજી જૈન દહેરાસર
પાયધુની, મુંબઈ. ૩.
ટે. નં. ૩૩૩૦૪૮

**પ્રાણજીવનદાસ હ. ગાંધી**
**શાન્તિલાલ સોમચંદ ચોકસી**
**કાન્તિલાલ ઉજમલાલ જવેરી**
મંત્રીઓ : શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઇ.

માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક-સૂરત.

શ્રી વીરચંદભાઇ ગાંધીના અનુયાયી




હર્બર્ટ વોરન

મહાવીર બ્રધરહુડના સ્થાપક અને જૈન લીટરેચર સોસાયટીના મંત્રી

પરિચય માટે જુઓ આ અંકનો 'શ્રી વીરચંદભાઈ ગાંધીના વિદેશી અનુયાયીઓ-પ્રશંસકો'નો લેખ.

## વિશ્વધર્મ પરિષદ
## ચિકાગોમાં ગયેલા ભારતીય પ્રતિનિધિઓ



ડાબી બાજુથી :–શ્રી નરસિંહાચારી, શ્રી લક્ષ્મીનારાયણ, સ્વામી વિવેકાનંદ, એચ. ધર્મપાલ [ સિલોન ], શ્રી વીરચંદ રાઘવજી ગાંધી.

કવર છપાઈ : ઉષા પ્રિન્ટરી (પ્રા.) લી. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨.